September 2021

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Year 16 • Issue 01 / 157

• Mumbai • Page 16 • Price Rs. 2/-

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

*મંદિર તારું વિશ્વ રૂપાળું,*
*સુંદર સર્જનહારા રે,*
*પળ પળ તારાં દર્શન થાયે,*
*દેખે તારણહારા રે... મંદિર....*
*નહિ પૂજારી નહિ કોઈ દેવા,*
*નહિ મંદિરને તાળાં રે,*
*નીલ ગગનમાં મહિમા ગાતા,*
*ચાંદો સૂરજ તારા રે... મંદિર....*

હું ભણતો હતો ત્યારે શ્રી જયંતિલાલ આચાર્ય દ્વારા રચાયેલ ઉક્ત પંક્તિઓ આજે પુનઃ સ્મૃતિ સમક્ષ આવી ઊભી, જ્યારે જગદીશ દ્વારા સર્જાયેલી આ અદભૂત સૃષ્ટિ સાથે બે પગનો માથાભારે માનવ છેડછાડ કરી વિનાશ નોતરવા રણે ચડ્યો છે અને પોતાના આધિપત્ય સ્થાપન માટે માનવ માત્ર સામે નિશાન તાક્યું છે તેની પ્રત્યક્ષ અનુભૂતિ એટલે લગભગ અઢાર મહિનામાં અગાઉ નવેમ્બર ૨૦૧૯ના ઉત્તરાર્ધમાં કાનોકાન ખબર પણ ના પડે અને અંગેઅંગ તરડાઈ જાય તેમ છાનેમાને બહારનાં દેશમાં માનવ શરીરમાં પ્રવેશી ગયેલા અને અતિશય ઝડપથી એક ખોળિયાથી બીજા ખોળિયે સ્પર્શ માત્રથી સંક્રમિત કરતો વામન **કોરોના વાયરસ** એક રાષ્ટ્રથી બીજા રાષ્ટ્રોમાં પ્રસરતાં પ્રસરતાં માર્ચ મહિનાના પ્રારંભે તો ભારતમાં પણ પ્રવેશી પોતાનો પગદંડો જમાવવા સફળ થઇ ગયો.

કોરોના વાયરસના અજગરી ભરડામાં ભિંસાતા ભિંસાતા કેટલાંક રાષ્ટ્રોમાં તો દિનપ્રતિદિન ગાફેલ માનવોના અગણિત લાશોના ઢગલા ખડકાયા, જેને અંતિમ દર્શન તો દૂરની વાત પણ અગ્નિ દાહ કે દફનવિધિ પણ ઉપલબ્ધ ના થઈ શકી જેને કારણે આ વ્યાધિને મહામારી જાહેર કરવામાં આવ્યો.

આ વૈશ્વિક મહામારીને પરિણામે અન્ય રાષ્ટ્રોની માફક ભારતમાં પણ માર્ચ મહિનાના ઉત્તરાર્ધમાં સમગ્ર દેશમાં પ્રથમ એકદિવસીય **''જનતા કરફ્યુ''** અને માત્ર બે દિવસનાં અંતરાળ પશ્ચાત ભારતભરમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રીય સંદેશ દ્વારા સંપૂર્ણ દેશને પ્રારંભિક તબક્કામાં ૧૪ દિવસનાં જડબેસલાક લોકડાઉનના પીંજરા પાછળ ધકેલી દેવામાં આવ્યા, જે ક્રમે ક્રમે વધારતા વધારતા અંદાજે સાડા ચાર મહિના પર્યંત લંબાયું જેને કારણે દેશભરનો સમગ્ર વ્યવહાર લગભગ સ્થગિત કરવાની ફરજ બની.

આ મહામારી અને લાંબા લોકડાઉનમા અતિઆવશ્યક એવી દવાઓ અને દૂધની સેવાઓ સિવાય અનાજ, કરિયાણા, ફળ તથા શાકભાજી જેવી વસ્તુઓ પણ મહામુશ્કેલીએ ઉપલબ્ધ થતી તે નિઃસહાય અવસ્થામાં ઘરે બેસીને આપણે સહુ નિહાળવા લાગ્યા. **''ઘરે રહો સુરક્ષિત રહો''**ના સતત પ્રચાર અને ફરજીયાત પાલનવશ ધંધા, વ્યવસાય, નોકરી જેવા આર્થિક ઉત્પન્ન કરતાં લગભગ દરેક સાધનો પણ વામણા સાબિત થતાં બે ટંક પેટનો ખાડો પુરવો સામાન્ય જનતા માટે મુશ્કેલ થયેલ ત્યારે ફુટપાથ, લારી, રેંકડી પર અવલંબિત દૈનિક આવક ઊભી કરતાં શ્રમજીવીઓ માટે તો આડોશી-પાડોશી કે સ્વજનો સમક્ષ પરવશ બની હાથ લંબાવી કર્જ લેવું અનિવાર્ય થઈ પડ્યું.

**અનુસંધાન પાના નં. ૦૩**

## ક્ષમાપના

*ગત્ વર્ષ દરમ્યાન અમારી વૈચારિક, શાબ્દીક કે દૈહિક વર્તણૂકથી જાણતાં કે અજાણતાં કોઈનું પણ મન દુભાયું હોય કે લાગણીને ઠેસ પહોંચી હોય તો તે બદલ સાંવત્સરિક પર્વના પાવન અવસરે શ્રી પાટણ જૈન મંડળના તમામ સભ્યો, શુભેચ્છકો, દાતા પરિવારો, સંસ્થાના કર્મચારીઓ તથા પ્રતિબિંબના તમામ વાંચકોની અંતઃકરણથી ક્ષમા માંગી ખમાવીએ છીએ.*

**મિચ્છામી દુક્કડમ્**

**ક્ષમાભિલાષી**
**શ્રી પાટણ જૈન મંડળ**
**ટ્રસ્ટીગણ તથા હોદ્દેદારો**




શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત

# શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ

પીપળાશેર, પાટણ.

## આધુનિક સગવડ - વિશેષ આકર્ષણો...

- ગ્રાઉન્ડ ફ્લોર તથા ત્રણ મંજલિ ઈમારત અદ્યતન સુવિધાયુક્ત લિફ્ટ
- પ્રત્યેક બ્લોકમાં LCD ટીવી
- એસી તેમજ નોન એસી બ્લોક
- પ્યુરીફાઈડ વોટર કુલર
- વેસ્ટર્ન ટાઈપ ટોયલેટ
- વાઈફાઈની સુવિધા
- ગરમપાણીની સુવિધાર્થે સોલાર ગીઝર
- ધાર્મિક તેમજ લગ્ન પ્રસંગે ગ્રુપ બ્લોક બુકીંગની સગવડ
- ચેક ઈન ટાઈમ ૯.૩૦ - ચેક આઉટ ટાઈમ ૯.૦૦
- **અતિથિગૃહમાં ઉપલબ્ધ હોય તો ચાર માસ અગાઉ નિયત ડિપોઝીટની રકમ સ્વીકારી તુરંત બ્લોકનું કન્ફર્મ બુકીંગ કરવામાં આવે છે.**
- સંજોગોવસાત બ્લોક બુકિંગ રદ્દ કરવાનું થાય તો ૧૫ દિવસ અગાઉ જાણ કરાતા ૫૦ ટકા રકમ રીફંડ આપવામાં આવશે.
- અતિથિગૃહની લગોલગ જૈન ભોજનશાળામાં નવકારશી, બપોરનું ભોજન તથા ચોવીહારની વ્યવસ્થા.
- પાટણ ખાતે પેન / આધાર કાર્ડની ઝેરોક્ષ આપવી અનિવાર્ય રહેશે
- કોરોના કાળ હોવાના કારણે સરકારી આદેશ અનુસાર સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક પહેરવું અને સેનેટાઈઝ કરવું ફરજિયાત છે.

- મુંબઈ ખાતે સંસ્થાની ઓફિસમાંથી બ્લોક બુકીંગ થાય છે સંપર્ક : ફોન : ૨૨૮૧૧૩૪૬/મો. ૮૭૭૯૧૬૧૨૦૯
- પાટણ ખાતે અતિથિગૃહમાંથી પણ બ્લોક બુકીંગ થાય છે સંપર્ક : ફોન: ૦૨૭૬૬-૨૨૦૭૧૫/ધીરૂભાઈ - ૦૯૪૨૯૦૧૬૬૬૫

**પાટણ પધારો ત્યારે આપણા જ અતિથિગૃહમાં ઉતરવાનો આગ્રહ રાખવો**

## આપના સરનામામાં ફેરફાર થયો હોય તો અગત્યની સૂચના

**શ્રી પાટણ જૈન મંડળ વ્યવસ્થાપક સમિતિની ત્રિવાર્ષિક ચૂંટણીની કાર્યવાહી માટે સભાસદોના નામ -સરનામા - મોબાઈલ નંબર સહિત યાદીઓ તૈયાર કરવાની કાર્યવાહી ચાલુ હોઈ જે સભાસદોના સરનામાં બદલાયેલ હોય તેમણે તાત્કાલિક મંડળમાં જણાવવા વિનંતી છે, જેથી ચૂંટણી યાદીમાં ફેરફાર કરી શકાય.**

**આ ઉપરાંત રીડેવલપમેન્ટ, કલ્સટર કે સ્થાયી ધોરણે પણ આપના કે આપના પરિવારજનોના સરનામાં બદલાયેલ હોય તો પુરુ નામ, સરનામું, પાટણનો મહોલ્લો, મોબાઈલ નંબરની પુરી વિગતો મંડળના મો. 09167902267 ઉપર વોટ્સએપ કરવા વિનંતી.**



**પધારો પધારો પધારો**

## નવનિર્મિત તીર્થ :

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થ - ભેંસાવહી



વડોદરા થી ૭૬ કિ.મી.ના અંતરે (દોઢ કલાક) ભેંસાવહી ગામે સુંદર નૂતન ચોવીસ જિનાલય તીર્થનું નિર્માણ થયું છે. આ તીર્થમાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની મનોહર પ્રતિમા બિરાજમાન છે. તેમજ એની વિશિષ્ટતારૂપે ૨૪ તીર્થંકર અને વિશ વિહરમાન સિમંધર સ્વામી - પરિસરની નયનરમ્ય રચના કરવામાં આવેલ છે. દરેક ભગવાનના પરિકરની રચના અલગ અને અદ્ભુત છે. સાથે જ અદ્યતન વ્યવસ્થા અને સુવિધાવાળી ધર્મશાળા અને ભોજનશાળાની પણ વ્યવસ્થા છે. આ ધર્મશાળા અને ભોજનશાળાનો લાભ **''શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર ડાહ્યાભાઈ (માટલીવાલા) (કનાસાનો પાડો) પરિવારે''** લીધેલ છે. આપ સર્વે ભાવિકોને આ તીર્થમાં પધારી સેવા પૂજા દર્શનનો અચૂક લાભ લેવા વિનંતી. વિશ્વના ૧૦૦ જોવા લાયક સ્થળોમાં જેની ગણના થાય છે તે **''સ્ટેચ્યુ ઓફ યુનિટી''** અહીંથી માત્ર ૬૫ કિ.મી. (સવા કલાક)ના અંતરે છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત તેમજ તીર્થના દર્શન - સેવાપૂજા - નવકારશી આમ 'યાત્રા' તેમજ 'પર્યટન' બન્નેનો આનંદ લઈ શકશો.

**વધુ વિગત માટે સંપર્ક :- શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાળા મો. નં. 9930891985**

ADVT

**પાના નં. ૧ થી ચાલુ...**

આ મહામારીના પરિણામે દરેક ક્ષેત્રે ઘણુંબધું બદલાઈ ગયું, રહેણીકરણી, મિલન મેળાવડા, સાદડી, પ્રાર્થનાસભા, અંતિમયાત્રા, સ્વજનોના ઘરની આવન-જાવન, કાર્યાલયના કામકાજના સમય પદ્ધતિ, એક સ્થાનેથી બીજા સ્થાને અવર-જવરના સાધન, રાંધવા-સાંધવાની પદ્ધતિ, ખાવા-પીવાથી લઈ મનોરંજન મેળવવા માટેની પદ્ધતિ, સ્વને સુરક્ષિત રાખવા હસ્તધૂનનથી લઈ સંક્રમણથી સુરક્ષિત રહેવા કે રાખવાનાં સાધન, શાળા કોલેજોના અભ્યાસક્રમ અને શિક્ષણ પદ્ધતિ, નાણાં હેરફેર કે ચૂકવણી પદ્ધતિ, ઈત્યાદિ.. સૌથી અગત્યનું એકબીજાના સંપર્ક !

આ કોરોના કાળમાં સામાન્ય જીવન તદ્દન સ્થગિત થઈ જતાં ઊભી થયેલી આર્થિક ઉત્પન્ન તંગદિલીનો અણસાર સંસ્થાના હોદ્દેદારોને સત્વરે આવી જતાં લોકડાઉનના પહેલાં તબક્કાના પ્રાથમિક દિવસોમાં અરસપરસ **ટેલિફોનિક સંવાદ સાધી સમાજના આર્થિક જરૂરિયાતવાળા લગભગ ર૭૩ પરિવારોને દર વર્ષે પ્રથમ ભરાવાતી સહાય અરજીની અનિવાર્યતાને અવગણી વૃદ્ધજન, મહિલા ઉત્કર્ષ, વિધવા સહાય, આર્થિક સહાય, દિવ્યાંગ ઉત્કર્ષનો લાભ લેતાં પરિવારજનોના બેન્ક ખાતાંમાં ડાયરેક્ટ નવા નાણાકીય વર્ષના પ્રથમ હપ્તાના લગભગ સત્તર લાખ રૂપિયા જમા કરાવી માનવતાની મિશાલ કાયમ રાખી** તો બીજી તરફ મંડળના મોબાઇલમાં ઉપલબ્ધ પરિવારજનોને બે વખત આહવાન દ્વારા જણાવવામાં આવ્યું કે, **''તમે જરા પણ મુંઝાશો નહી, સંસ્થા સદૈવ તમારી સાથે જ છે''** સમાજના કોઈપણ પરિવારને શિક્ષણ, મેડિકલ ખર્ચમાં, દૈનિક વપરાશની આવશ્યક દવાઓ ખરીદવા, મેડિક્લેઈમ પોલીસી પ્રિમિયમ ખર્ચ કે ગુજરાન ચલાવવામાં પડતી આર્થિક મુશ્કેલીમાં નિઃસંકોચ અમારો ફોનથી સંપર્ક સાધવો. જરૂરિયાતમંદોની દરેક આર્થિક અડચણમાં સંસ્થા એક ઢાલ બનીને ઊભી હતી, છે અને રહેશે તેવી હૈયાધારણ અપાયેલ તેનું પ્રતિપાદન કરતાં આવેલ તમામ વોટ્સએપ અરજી પર લોકડાઉન સમયે ઉદારતાથી લગભગ **રૂપિયા પિસ્તાલીસ લાખની** સમયસર સહાય પહોંચાડી મદદ રૂપ બની શક્યા તેનું મને ગૌરવ રહેશે.

મંડળનું કાર્યાલય કોરોનાના કારણે કેટલાંક મહિના બંધ રાખવું પડ્યું હતું, તેમજ તે પછી પણ નહિવત્ કાર્યાન્વિત રહેલું, તેમ છતાં સંનિષ્ઠ કાર્યકરોના સહયોગ અને કર્મચારીઓના સદ્ભાવથી સમાજના જરૂરિયાતમંદોને વિકટ સમયમાં સક્રિયતાથી મદદરૂપ થઈ શક્યા તે બદલ તે સર્વને હું ધન્યવાદ આપું છું.

આજનો વિદ્યાર્થી આવતીકાલ નું ભવિષ્ય છે તદનુસાર લોકડાઉનના વિષમ કાળમાં પણ આપણું બાળક ભલે શાળા, કોલેજો બંધ હોય છતાં ઘરઆંગણે મોબાઈલ, ટેબલેટ કે લેપટોપના માધ્યમથી શિક્ષણ મેળવી શકે છે, તે આપણે હજુ વિચારેલ પણ ના હોય, જ્યારે પાશ્ચાત્ય દેશો દ્વારા તો લગભગ દોઢેક દાયકા અગાઉ તેનો અમલીકરણ શરૂ થયેલ, તદનુસાર આપણા પણ દેશના મહદ અંશે બાળકો ઓનલાઈન વિદ્યાદાન મેળવવા લાગ્યા, ભલે વિદેશ જવાની અનુમતિ ના મળી હોય છતાં જે વિદેશી યુનિવર્સિટીઓએ વિદ્યાર્થીઓને લોકડાઉન પહેલાં પરવાનગી આપી દીધી હતી તેવા વિદ્યાર્થીઓએ સંસ્થાની વિધાર્થી લોન-સ્કોલરશીપ યોજના અંતર્ગત અરજી કરી હતી તેવા **૧૦ વિદ્યાર્થીઓને** પણ **રૂપિયા ચોત્રીસ લાખની શૈક્ષણિક લોન તાત્કાલિક ધોરણે સહજતા અને સરળતાથી પૂરી પાડવામાં આવી.**

**રત્નનિધિ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા કોરોના ના કારણે લાચાર થયેલ પરિવારોને આર્થિક સહાય આપવા અંગે બહાર પાડવામાં આવેલ અપીલના અનુસંધાનમાં સંસ્થાના ઉપપ્રમુખ અને જૈન સમાજનાં શ્રેષ્ઠી **શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ** દ્વારા તે સંસ્થાના સ્થાનિક સંચાલકો સાથે ગહન ચર્ચા વિચારણા કરી આપણા સમાજનાં **આર્થિક સહાય, વૃધ્ધજન સહાય, દિવ્યાંગ ઉત્કર્ષ સહાય, મહિલા ઉત્કર્ષ સહાય, વિધવા સહાય, શિક્ષણ સહાય, મેડિકલ સહાય ઇત્યાદિ સહાય લેતાં ર૧૬ સાધર્મિક પરિવારો માટે રૂપિયા ૫,૦૦૦/-થી રૂપિયા ર૦,૦૦૦/-ની રકમ મળી કુલ રૂપિયા ર૩લાખ જેટલી માતબર રકમ આપણી સંસ્થા મારફત ફાળવવામાં આવી.**

કોરોના કાળના વિકટ સમયમાં મેડિકલ ટ્રિટમેન્ટની સમસ્યાઓને ધ્યાનમાં રાખી સંસ્થાના હોદ્દેદારોને મરીનડ્રાઈવ ખાતે સમાજોપયોગી મેડિકલ સેન્ટર સ્થાપવાનો વિચાર ઉદ્ભવ્યો અને તેના અનુસંધાનમાં કાર્યવાહીનો પ્રારંભ કરતા મકાન નં. ૩, બ્લોક નં ૪માં યોગ્ય વ્યવસ્થા કરી જરૂરી પરવાનગી પ્રાપ્ત થતાં મેડિકલ કન્સલટેશન - સર્વીસ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવશે તેની જાણ કરતાં આનંદ અનુભવું છું.

મરીન ડ્રાઈવ ખાતે સંસ્થાના આવેલ મકાન નં. ર અને ૩ને લગભગ એંશી વર્ષ પૂર્ણ થઈ ગયેલ છે અને ઘણા સ્થળોએથી મકાન નબળુ પડી ગયેલ, જેના કારણે તેનું મેજર રીપેર કરાવવું અનિવાર્ય થયેલ આ અંગે મકાનના રહીશોએ સંસ્થાના હોદ્દેદારો સાથે અવાર નવાર ચર્ચાવિચારણા કરી ગત વર્ષે બન્ને મકાનોનું મેજર રીપેરીંગ કામ આરંભાયેલ તેની સાથોસાથ સંસ્થાના હોદ્દેદારો દ્વારા સંસ્થાના સભાગૃહનું મેજર રીપેરીંગ કામનો શુભારંભ કરવામાં આવેલ જે પૂર્ણ થતાં તા. ૦૧-૦૯-ર૦ર૧ના તેને ઉપયોગ માટે ખુલ્લો મુકવામાં આવ્યો.

ગત્ વર્ષે **શ્રી સૌરિનભાઈ શાહ** (ગોરેગામ-ઢંઢેરવાડો)ના સૌજન્યથી કોરોનાના નિયમોનું પાલન કરી **''પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટ''નું** સફળતાથી સુંદર આયોજન થઈ શક્યું. તે બદલ ટુર્નામેન્ટના સર્વે સ્પોન્સર્સ, ટીમ ઓનર્સ તેમજ સમિતિના સભ્યોને હું ધન્યવાદ આપી આભાર વ્યક્ત કરું છું. આ વર્ષે પણ આ ટુર્નામેન્ટની શુભ શરૂઆત સૌના સૌજન્યથી નવા શિખરો સર કરે તેવી શુભેચ્છા આપુ છું.

❑ **દિનેશ શાંતિલાલ શાહ**

## તંત્રી સ્થાનેથી...

માર્ચ ૨૦૧૯ના ઉત્તરાર્ધથી આપણા દેશમાં શરૂ થયેલ ‘કોરોના કાળ’ની ઘટનાને અણધારી - અસામાન્ય ઘટના લેખાવી શકાય. એના પરિણામ સ્વરૂપ સૌની જીવનશૈલી, જીવન ક્રમ  તેમજ સામાજિક અને ધાર્મિક રીત રિવાજો અને પ્રણાલીઓ બદલવાની જરૂર પડી. ગરીબ-તવંગર સૌએ આ મહામારીનો પીડાદાયક પ્રભાવ અનુભવ્યો.

કોરોનાની પ્રથમ તેમજ બીજી લહેર ઘણી ઘાતક નિવડી બન્ને લહેરો દરમ્યાન અનેક જણ મૃત્યુ પામ્યા અને કેટલાય અનાથ બન્યા આર્થિક તેમજ માનસિક રીતે લોકો ભાંગી પડયા. વિદેશ આવજાવ કરતી વિમાન સેવા તેમજ આંતર રાજ્ય અને શેહેરોને જોડતી રેલ્વે તથા બસ સેવાઓ પણ બંધ કરી દેવાઈ તેથી જન-જીવન સ્થગિત થઈ ગયું. મુંબઈની ‘લાઈફ લાઈન’ કહેવાતી લોકલ ટ્રેન સેવાઓ સામાન્ય પ્રજા માટે મહિનાઓ સુધી બંધ રહેતા વ્યાપાર, નોકરી, ઉદ્યોગ-ધંધા વિગેરે બંધ થયા. એકંદરે લાખો લોકોએ રોજગાર-વ્યાપાર ગુમાવી આર્થિક પાયમાલી ભોગવી. સમગ્ર વિશ્વમાં બધુ અસ્ત-વ્યવસ્થ થઈ ગયું.

સરકારી આદેશો અનુસાર અને લોકડાઉનના નિયમોને આધીન સંસ્થાની મુખ્ય ઓફિસ અને બીજા કાર્યાલયો બંધ રાખવા જ પડે એ સંજોગોમાં મુંબઈ આસપાસ તેમજ દેશના અન્ય ભાગોમાં વસતા સમાજના પરિવારોને તબીબી સારવાર માટે તેમજ ગુજરાન ચલાવવા આર્થિક સહાય પહોંચાડવી આવશ્યક હતી.

**શ્રી પાટણ જૈન મંડળના સંચાલકો દ્વારા પ્રમુખ, બે ઉપપ્રમુખો અને બે સેક્રેટરીઓ એમ પાંચ સભ્યોની ટાસ્કફોર્સ કમિટીનું ગઠન કરવામાં આવ્યું.** તેમના નામ મોબાઈલ નંબર સાથે, પાટણના દરેક મહોલ્લાઓના ગ્રુપોમાં મેસેજ સરક્યુલેટ કરાયા જેમાં જણાવેલ કે સમાજના જે પરિવારોને મેડિકલ તેમજ આર્થિક સહાયની જરૂર હોય તો આ પાંચમાંથી કોઈપણ એકને સંપર્ક કરે. સંસ્થાની ઓફિસ ચાર થી પાંચ મહિના સદંતર બંધ રહી અને એ પછી પણ ટ્રેનો બંધ રહેવાથી એકલ-દોકલ સ્ટાફ અને પદાધિકારીઓથી આંશિક ચાલતી હતી. પરંતુ જરૂરિયાતવાળાને આર્થિક સહાય પહોંચાડવા મંડળના ઉપપ્રમુખના નિવાસસ્થાનેથી એમના નેટબેન્કિંગનો ઉપયોગ કરી સમાજનાં મુંબઈમાં વિરાર-વસઈ  સુધી વસતા તેમજ દેશમાં જુદા જુદા ગામોમાં પુના, માલેગાંવ, નાસિક, શિરપુર, સુરત, પાટણ, અમદાવાદ, વડોદરા, ડીસા, ઈંદોર, કડી, કલકતા વસતા આપણા અનેક સાધર્મિકોને મદદરૂપ થઈ શક્યા. ઉપર્યુક્ત સ્થળોએ પટ્ટણીઓના મિત્રમંડળ કર્યરત થઈ માતૃસંસ્થા સાથે સંપર્કમાં હોય તો સહાયક પ્રવૃત્તિઓ વધુ સારી રીતે ગોઠવી શકાય. આ સર્વે કુટુંબો સાથે ગત્ દોઢ વર્ષમાં મોબાઈલ ફોનથી અનેક વખત વાતચીત થતાં તેમની તકલીફો  અને જરૂરિયાતો વધુ સારી રીતે સમજી શક્યા અને સંજોગ અને સમય અનુસાર મદદ કરવાની પદ્ધતિ અને સ્વરૂપમાં ફેરફાર કરવાની આવશ્યકતાઓ જણાઈ. આપણા સમાજના જરૂરિયાતમંદોની સંપૂર્ણ આર્થિક જવાબદારી નિભાવવી મુશ્કેલ છે, પરંતુ આ મહામારી દરમ્યાનના અનુભવે કહી શકાય ગત્ દોઢ વર્ષ દરમ્યાન જૈન સમાજમાં સાધર્મિક ભાવનાથી કાર્યરત અનેક સંસ્થાઓ, ચેરિટેબલ હોસ્પિટલો, ફાઉન્ડેશનો, મંડળો, મિત્ર મંડળો, જૈન સંઘો તેમજ રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય સ્તરે કાર્યરત સંસ્થાઓ જેમની સાથે આપણી સંસ્થા કોર્ડીનેશન કરી આપણા સમાજનાં જરૂરિયાતમંદોને મંડળ દ્વારા સહાય આપાય છે, તે ઉપરાંત ઉપર્યુક્ત સંસ્થાઓ મારફત મેળવાયેલ સહાય દ્વારા જરૂરિયાતમંદ સભ્યોને સક્ષમ તેમજ સ્વાવલંબી કરી શકાય. આમાં શક્યતાઓ ઘણી વિશાળ છે, આ દોઢ વર્ષમાં આપણી સંસ્થાએ એના કોરપસના વ્યાજ કરતા ઘણી વધુ મદદ કરી જ છે તદ્ઉપરાંત પાટણ સમાજનાં તેમજ જૈન સમાજનાં અનેક દાતાઓએ મંડળના સૂચન મુજબ ડાયરેક્ટ આર્થિક તેમજ મેડિકલ સહાય કરી છે. કોરોનાના વિષમકાળમાં લગભગ સઘળા ધંધા-વ્યવસાય સ્થગિત થઈ જતાં વ્યાપારીઓને ધંધામાં આર્થિક સ્થિરતા બક્ષવા સંસ્થાના હોદ્દેદારો દ્વારા પાટણ બેન્ક સાથે ગોઠવણ અનુસાર સમાજ ઉત્કિર્ષ વ્યવસાય લોનની વ્યવસ્થા કરવામાં આવેલ, જેનું આંશિક વ્યાજ મંડળ દ્વારા ભોગવાયું.

ગત્ દોઢવર્ષમાં સુરત પાટણ મિત્રમંડળના પ્રમુખ અને માજી પ્રમુખના સંપર્કથી શ્રી પાટણ જૈન મંડળ સુરત વસતા આપણા સમાજના અનેક પરિવારોને મુંબઈથી તો સહાય રૂપ થઈ શક્યું પણ સુરતની અન્ય સંસ્થાઓ મારફત ઈમરજન્સીમાં દવા, અનાજની કીટ વિગેરે આપવી શક્યા તેવું જ અન્ય શહેરોમાં પણ પરસ્પરના સહકારથી શક્ય થઈ શકે.

આ મહામારી પરથી સમાજના સૌએ બોધ લેવા જેવો છે, સ્વાસ્થ્ય સુરક્ષાના આર્થિક કવચ જેવી સૌની મેડિક્લેઈમ પોલીસીઓ હોવી જરૂરી છે. **પોલીસી ખરીદતા પહેલા એની શરતો વિગેરેની ચકાશણી કરવી જરૂરી છે.** ક્લબો તેમજ સામાજિક સંસ્થાઓ દ્વારા સામુહિક પોલીસીઓ લેવાય છે, એમાં પોલીસી ધારકોને ખરાબ અનુભવો થયા છે, પ્રીમિયમ ભર્યા છતાં કોરોનાના કપરા સમયમાં તેઓએ હાથ-પગ જોડવાના વખત આવ્યા હતા. જે સંસ્થાઓ દ્વારા આ પોલીસીઓ લેવાઈ હતી એના સંચાલકો ઓફિસરોના મોબાઈલ નંબરો આપી જવાબદારીથી હાથ ખંખેરી લેતા હતા. પેશન્ટના પરિવારોને પ્રીમિયમ ભર્યુ હોવા છતાં ઈન્સ્યોરન્સ કંપનીઓમાંથી પૂરતા વળતર મળ્યા ન  હતા એટલે સારી અને સાચી સલાહ મેળવી મેડિક્લેઈમ પોલીસી ઉતરાવવી અતિઆવશ્યક છે, જે માટે યોગ્ય માર્ગદર્શન મળે તેવી સંસ્થા દ્વારા ગોઠવણ થાય તો સમાજનાં સામાન્ય પરિવારોને ભવિષ્યમાં મુશ્કેલીઓમાંથી બચાવી શકાય. બીજી બાજુ કોરોના સિવાય અન્ય બિમારીઓમાં પણ નિષ્ણાંત ડોક્ટરનું માર્ગદર્શન મળે, બિમારી માટેની સમયસર સારવાર મળે એવી હોસ્પિટલ સાથે ગોઠવણ થાય **તેવી વ્યવસ્થા માટે મંડળનું ‘‘મેડિકલ સેન્ટર’’ જેવું માધ્યમ ઊભુ કરવું અનિવાર્ય છે.**

કોરોના મહામારીના વિષમ પ્રભાવમાંથી બહાર નીકળતા સમય લાગશે પણ એના અનુભવથી બોધ લઈ ઉચિત સુધારા કરવા આવશ્યક છે.

❑ **સંપાદક સમિતિ**

**શ્રી પાટણ જૈન મંડળ** સંચાલિત

# શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ, પાટણ

## હાર્દિક વિજ્ઞપ્તિ

પાટણ ખાતે ચાતુર્માસ કે શેષકાળ દરમ્યાન આવતા જતા સાધુ-સાધ્વીજી ભગવંતો કે મુમુક્ષુઓને શ્રુતજ્ઞાન પ્રદાન ઉપલબ્ધ કરાવી શકાય તેવા શુભ આશયથી સને ૧૯૯૯માં પાટણ ખાતે મંડળ દ્વારા શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠની સ્થાપના કરેલ છે.

આ જ્ઞાનપીઠમાં અભ્યાસ કરીને છેલ્લા ચાર વર્ષમાં લગભગ ૩૬ જેટલા મુમુક્ષુઓએ સંયમ માર્ગનો સ્વીકાર કર્યો છે, જેની ભૂરીભૂરી અનુમોદના.

જૈન ધર્મના ઉચ્ચ અભ્યાસ દ્વારા જૈન ધર્મનો પ્રચાર અને પ્રસાર કરવાના અમારા હેતુને ચરિતાર્થ કરવા જ્ઞાનપીઠમાં વાર્ષિક લગભગ રૂપિયા ૨૬ લાખથી વધુ ખર્ચ થવા પામે છે, આ સંસ્થાની વધુ પ્રગતિ માટે થનાર ખર્ચ તેમજ વર્તમાનમાં સતત ઘટતા જતાં વ્યાજને પરિણામે જ્ઞાનપીઠ પ્રવૃત્તિને સંપૂર્ણ આત્મનિર્ભર બનાવવા મંડળ દ્વારા નીચેની વિગતે રૂા. ૫ કરોડનું કાયમી ભંડોળ એકત્રિત કરવાનું નિર્ધારેલ છે.

**શ્રુતજ્ઞાન પ્રદાન દાન યોજના**

**શ્રુતજ્ઞાન પ્રદાન રત્ન સ્થંભ રૂા. ૧૧,૦૦,૦૦૦/-**

**શ્રુતજ્ઞાન પ્રદાન સુવર્ણ સ્થંભ રૂા. ૫,૦૦,૦૦૦/-**



- આ યોજના અંતર્ગત દાન આપનાર દાતાના નામોની તક્તી સિદ્ધહેમ જ્ઞાનપીઠ, પાટણ ખાતે મુકવામાં આવશે.
- રૂા. ૧૧ લાખનું દાન આપનાર દાતાને મંડળની વ્યવસ્થાપક સમિતિમાં આજીવન સભાસદ તરીકે બે તથા રૂા. ૫ લાખનું દાન આપનાર દાતાને આજીવન સભાસદ તરીકે જે એક હક્ક આપવામાં આવશે.
- આ યોજનામાં જોડાયેલ દાતાઓ દાનની રકમ ત્રણ વર્ષના સમયગાળામાં પૂર્ણ કરી શકશે.
- દાનની રકમ પૂર્ણ થતાં પાટણ પ્રતિબિંબ તથા વાર્ષિક અહેવાલમાં દાતાના નામો પ્રસિદ્ધ કરવામાં આવશે.
- આ યોજના અંતર્ગત જોડાયેલ દાતાઓનો એક ફોટો પાટણ પ્રતિબિંબ તથા વાર્ષિક અહેવાલમાં અનૂકુળતાએ પ્રસિદ્ધ કરવામાં આવશે.
- આ યોજના અંતર્ગત આપને સાધુ-સાધ્વીજી વૈયાવચ્ચનો કાયમી લાભ પ્રાપ્ત થશે.
- આ યોજના અંતર્ગત સંયમના માર્ગે જનાર મુમુક્ષુઓને પ્રવજ્યા પ્રદાન પ્રેરક દાતા તરીકેનો લાભ મળશે.
- સંસ્થાને અપાયેલ દાન ઈન્કમટેક્ષ ૮૦જી કલમ હેઠળ ૫૦ ટકા કર મુક્તિને પાત્ર છે.

આ ઉપરાંત આપશ્રીના પરિવારમાં આવતા નાના મોટા પ્રસંગોએ પણ સંસ્થાને યાદ કરી સ્વૈચ્છિક રકમની ભેટ **સિદ્ધહેમ જ્ઞાનપીઠ નિધિમાં** મોકલાવી પુણ્ય ઉપાર્જન કરી શકાય. સમાજની ભાવી પેઢીમાં ધાર્મિક જ્ઞાનની પ્રાપ્તિ થાય, તેઓ ધર્મના માર્ગે આગળ વધી શાસનના પ્રાચીન ગ્રંથોનું જ્ઞાન ગ્રહણ કરી આત્મ કલ્યાણ કરનાર અને કરાવનાર બને તેવી અમારી પ્રબળ ભાવના છે.

Bank details :- A/c Holder's Name : Shree Patan Jain Mandal
Bank of Baroda : Marine Drive Branch, Saving A/c No. 04050100015574 • IFSC : BARB0MARINE

લિ.

શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ
પ્રમુખઃ શ્રી પાટણ જૈન મંડળ

શ્રી યતીનભાઈ કાંતિલાલ ઝવેરી • શ્રી કમલેશભાઈ જીવણલાલ ઝવેરી
માનદ્‌મંત્રીઓઃ શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ

## આ યોજના અંતર્ગત જોડાયેલ દાતાઓની નામાવલી

| | |
|---|---|
| ૧. શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ | (સિદ્ધચક્રની પોળ) |
| ૨. શ્રી કેશવલાલ કીલાચંદ શાહ | (કુંભારીયા પાડો) |
| ૩. સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ | (કુંભારીયા પાડો) |
| ૪. શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ | (મલ્લાતનો પાડો) |
| ૫. શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ | (કુંભારીયા પાડો) |
| ૬. શ્રી દિપકભાઈ રેવંતિલાલ શાહ | (કનાસાનો પાડો) |
| ૭. શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ | (ઢંઢેર વાડો) |
| ૮. શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ | (ચીતારાની ખડકી) |
| ૯. ડૉ. રંજનબેન મહાસુખલાલ પોપટલાલ શાહ | (વાસુપૂજ્યની શેરી) |
| ૧૦. શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ | (અબજી મહેતાનો પાડો) |
| ૧૧. શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ | (ખજુરીનો પાડો) |
| ૧૨. શ્રી જયેશભાઈ પ્રવિણચંદ્ર શાહ | (ઢંઢેર વાડો) |
| ૧૩. શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ | (અબજી મહેતાનો પાડો) |
| ૧૪. શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ | (કુંભારીયા પાડો) |
| ૧૫. શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ | (કપુર મહેતાનો પાડો) |
| ૧૬. શ્રી વનરાજભાઈ પ્રતાપચંદ દલાલ | (વસાવાડો) |
| ૧૭. શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદભાઈ તેલીયાવાળા | (મનમોહનજીની શેરી) |
| ૧૮. ડૉ. યશવંતભાઈ હરીલાલ ઝવેરી | (બ્રાહ્મણવાડો) |
| ૧૯. શ્રીમતી મીતાબેન બિપીનભાઈ પ્રેમચંદ શાહ | (વખતજીની શેરી) |

# સાભાર સ્વીકાર

**સમાજ વિકાસ જનરલ ફંડ:**
૨૫,૦૦,૦૦૦/- શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (સિદ્ધચક્રની પોળ)

**શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ પ્રી પ્રાયમરી એજ્યુકેશન ફંડ :**
૨૫,૦૦,૦૦૦/- શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)

**શ્રી ચંપકલાલ મફતલાલ ચુડઘર કીડની ટ્રીટમેન્ટ મેડિકલ રિલીફ ફંડ:**
૫,૦૦,૦૦૦/- શ્રીમતી નિલમબેન ચંપકલાલ મફતલાલ ચુડઘરના સ્મરણાર્થે (ચોધરીની શેરી)

**શ્રીમતી કલાવતીબેન કાંતિલાલ મફતલાલ ચુડઘર ઓર્થોપેડિક રિલીફ ફંડ**
૫,૦૦,૦૦૦/- શ્રીમતી નિલમબેન ચંપકલાલ મફતલાલ ચુડઘરના સ્મરણાર્થે (ચોધરીની શેરી)

**શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ કોરપસ ફંડ**
૧,૦૦,૦૦૦/- શ્રીમતી નિલમબેન ચંપકલાલ મફતલાલ ચુડઘરના સ્મરણાર્થે (ચોધરીની શેરી)
કુલ ૧૧,૦૦,૦૦૦/-

**શ્રીમતી કુસુમબેન સનાલાલ જેશીંગલાલ શાહ આઈ સર્જરી ફંડ :**
૭,૦૦,૦૦૦/- શ્રી સનાલાલ જેશીંગલાલ શાહ પરિવાર (ઝવેરી વાડો)

**શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ જનરલ ફંડ:**
૫,૦૦,૦૦૦/- શ્રીકેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
૫,૦૦,૦૦૦/- શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (સિદ્ધચક્રની પોળ)
૫,૦૦,૦૦૦/- શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઢંઢેરવાડો)
૫,૦૦,૦૦૦/- શ્રી જયેશભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઢંઢેરવાડો)
૨,૦૦,૦૦૦/- શ્રીમતી સુરેખાબેન શિરીષભાઈ શાહ (ઝવેરીવાડો)

**શતાબ્દી ગૌરવ કોરપસ ફંડ :**
૪,૦૦,૦૦૦/- શ્રી સુરેશચંદ્ર હિંમતલાલ શાહ (શામળાજીની શેરી)
૩,૮૦,૦૦૦/- શ્રી સુનીલભાઈ ગુણવંતલાલ શાહ (ભાભાનો પાડો)

**શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ વિધવા સહાય ફંડ :**
૬,૦૦,૦૦૦/- શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)

**વિદ્યાલય નિભાવ ફંડ :**
૬,૦૦,૦૦૦/- શાહ પબ્લિક ચેરીટીઝ(મારફતિયા મહેતાનો પાડો) હ. શ્રી શિરીષભાઈ પોપટલાલ શાહ

**શ્રીમતી પુષ્પાબેન હસમુખભાઈ શાહ કેન્સર થેરેપી ફંડ :**
૫,૦૦,૦૦૦/- શ્રી હસમુખલાલ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)

**શતાબ્દી ઉજવણી ફંડ :**
૫,૦૦,૦૦૦/- શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલિયાવાલા (મનમોહનજીની શેરી)

**શ્રીમતી નિર્મળાબેન રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ ડાયાલિસિસ મેડિકલ રિલિફ ફંડ :**
૩,૫૦,૦૦૦/- શ્રી રવિન્દ્ર શાહ ચેરિટી ટ્રસ્ટ (ખજુરીનો પાડો)

**વિદ્યાલય પ્રાઈઝ ફંડ :**
૨,૦૦,૦૦૦/- ડૉ. કીર્તિકુમાર લક્ષ્મીચંદ શાહ (મારફતિયા મહેતાનો પાડો) શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ. ધોરણ ૧૨ સાયન્સ પ્રવાહમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીને પ્રાઈઝ આપવા.

**શૈક્ષણિક પ્રાઈઝ ફંડ :**
૨,૦૦,૦૦૦/- શ્રીમતી માલતીબેન શ્રીપાલભાઈ ઝવેરીના સ્મરણાર્થે - હ. શ્રી રાજેશભાઈ કાંતિલાલ કાપડિયા (કોકાનો પાડો) (સમાજના કોઈપણ શિક્ષણ ક્ષેત્રે માસ્ટર ડીગ્રી મેળવનાર વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીને પારિતોષિક આપવા.)

**શિક્ષણ સહાય / સિનિયર સિટિઝન ફંડ :**
૨,૦૦,૦૦૦/- ડૉ. કીર્તિકુમાર લક્ષ્મીચંદ શાહ (મારફતિયા મહેતાનો પાડો)

**મેડિકલ તથા શિક્ષણ સહાય કોરપસ ફંડ :**
૪,૦૦,૦૦૦/- શ્રી અમીતભાઈ વર્ધમાનભાઈ શાહ શ્રી વર્ધમાન નગીનદાસ શાહની ભાદરવા સુદ ૧ જન્મતિથી નિમિત્તે ભેટ (કેશુશેઠનો પાડો)

**વિદ્યાલય સ્કોલરશીપ ફંડ :**
૧,૨૫,૦૦૦/- શ્રી પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ હ. ચિંતન, યુતિ, દર્શન, નિશિતા - સ્વ. શ્રીમતી શારદાબેન મહાસુખલાલ શાહના સ્મરણાર્થે (અબજી મહેતાનો પાડો)

**આર્થિક સહાય જનરલ ફંડ :**
૧,૨૫,૦૦૦/- શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ (અબજી મહેતાનો પાડો) હ. ચિંતન, યુતિ, દર્શન, નિશિતા

**શિક્ષણ સહાય કોરપસ ફંડ :**
૧,૨૫,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ(માટલીવાળા) હ. શ્રી નીરાલીબેન મીતભાઈ શાહ (કનાસાનો પાડો)
૨૫,૦૦૦/- શ્રી દાનેશભાઈ ભગવાનદાસ શાહ (પડીગુંદીનો પાડો) હ. શ્રી હેમલભાઈ દાનેશભાઈ શાહ
૨૫,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) હ. મૌલિકભાઈ નરેન્દ્રભાઈ પરીખ (કસુંબિયા વાડો)

**શ્રી અલ્કેશ ભદ્રકુમાર મેમોરિયલ ટ્રસ્ટ વિકલાંગ ઉત્કર્ષ ફંડ :**
૫૦,૦૦૦/- શ્રી અલ્કેશ ભદ્રકુમાર મેમોરિયલ ટ્રસ્ટ સ્વ. શ્રી ભદ્રકુમાર મણિલાલ શાહના સ્મરણાર્થે (ખેતરપાળનો પાડો)

**મેડિકલ સહાય કોરપસ ફંડ :**
૨૫,૦૦૦/- શ્રીમતી વિમળાબેન મહાસુખલાલ શાહ (કલકત્તા વાળા) હ. શ્રીમતી નિકીતાબેન હર્ષભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)

**શિક્ષણ / સમાજ ઉત્કર્ષ / સિનિયર સિટિઝન સહાય ભેટ :**

૧૧,૫૦,૦૦૦/- ૫,૦૦,૦૦૦/- બાબુ સાહેબ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ (ખજુરીનો પાડો)
૫,૦૦,૦૦૦/- બાબુ પનાલાલ પુનમચંદજી ચેરીટેબલ ફંડ (ખજુરીનો પાડો)
૧,૫૦,૦૦૦/- બાબુ જીવણલાલ પનાલાલ ટ્રસ્ટ (ખજુરીનો પાડો)

**સમાજ ઉત્કર્ષ ભેટ :**

૮,૦૦,૦૦૦/- શ્રી રજનિકાંતભાઈ સેવંતીલાલ ઝવેરી (કનાસાનો પાડો)
૨,૦૦,૦૦૦/- શ્રી સુનિલભાઈ શશિકાંતભાઈ ઝવેરી (વખારનો પાડો) હ. શ્રી ઈશાનભાઈ સુનિલભાઈ ઝવેરી
૧૫,૦૦૦/- શ્રી જનકભાઈ જિતેન્દ્રભાઈ શાહ (મનમોહનજીની શેરી) શ્રી જિતેન્દ્રભાઈ કેશવલાલ શાહ ના સ્મરણાર્થે

**શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૫,૦૦,૦૦૦/- એસ.કે. ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
૫,૦૦,૦૦૦/- શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો)
૫,૦૦,૦૦૦/- શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજૂરીનો પાડો)
૫,૦૦,૦૦૦/- શ્રી હસમુખલાલ મહાસુખલાલ શાહ સ્વ. શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહના સ્મરણાર્થે(અબજી મહેતાનો પાડો)
૫,૦૦,૦૦૦/- સ્વ. શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહની સ્મૃતિમાં હ. શ્રીમતી રંજનબેન મહાસુખલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)
૧,૨૫,૦૦૦/- શ્રી મુકેશભાઈ લલિતકુમાર શાહ (કોકાનો પાડો)
૧,૨૫,૦૦૦/- મે. તનવીરકુમાર એન્ડ કું. હ. શ્રીમતી ભાવિકાબેન તેજશભાઈ ઝવેરી (ઝવેરી વાડો)
૧,૦૦,૦૦૦/- શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ
૧,૦૦,૦૦૦/- શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ (ચિતારાની ખડકી)
૫૧,૦૦૦/- શ્રીમતી વસુમતીબેન કીર્તિલાલ ચોક્સી સ્વ.શ્રીમતી કેશરબેન હરિલાલ ચોક્સીના સ્મરણાર્થે (ઝવેરી વાડો)
૫૧,૦૦૦/- શ્રી પંકજભાઈ પનાલાલ શાહ (ચોધરીની શેરી)
૫૦,૦૦૦/- શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
૩૬,૦૦૦/- પ.પૂ. રત્નસુંદર સુરિશ્વરજી મ.સા.ના ભક્તજનો (કનાસાનો પાડો)
૩૨,૦૦૦/- શ્રીમતી દમયંતિબેન મંગલભાઈ શાહ (લખિયાર વાડો)
૨૫,૦૦૦/- શ્રી બિપીનચંદ્ર રમણલાલ ઝવેરી (ખડાખોટડીનો પાડો)
૨૫,૦૦૦/- શ્રીમતી વિલાસબેન પ્રકાશભાઈ ચીનુભાઈ શાહ (શાંતિનાથની પોળ) હ. શ્રી પ્રકાશભાઈ ચીનુભાઈ શાહ
૨૫,૦૦૦/- શ્રીમતી કલાવતીબેન બાબુલાલ શાહ (મલ્લાતનો પાડો) હ. શ્રી રાકેશભાઈ બાબુલાલ શાહ
૨૧,૦૦૦/- શ્રી સુધીરભાઈ કેશવલાલ ભણશાલી હ. શ્રીમતી અશોકાબેન સુધીરભાઈ ભણશાલી (કોલકાતા)
૧૧,૦૦૦/- શ્રીમતી ધારીણીબેન પ્રફુલભાઈ શાહ (મહાદેવાજીની શેરી)
૧૧,૦૦૦/- શ્રીમતી મીનાબેન નિખીલભાઈ શાહ (ખજૂરીનો પાડો)
૫,૦૦૦/- શ્રી નવિનચંદ્ર પ્રેમચંદ શાહ (વખતજીની શેરી)
૫,૦૦૦/- શ્રી મલય રાજીવભાઈ શાહ તથા શ્રી મોનીલ નિરેનભાઈ જૈન (મણિયાતી પાડો)

**મેડિકલ / સિનિયર સિટિઝન સહાય ભેટઃ**

૫,૦૨,૦૦૦/- શ્રી જિતેન્દ્રભાઈ શાંતિલાલ શાહ હ. શ્રીમતી બિનીતાબેન તથા શ્રી તુષારભાઈ જિતેન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
૫૦,૦૦૦/- શ્રીમતી વસુમતીબેન ભગવાનદાસ શાહ(કોકાનો પાડો)
૫૦,૦૦૦/- શ્રી રાજેન્દ્રભાઈ કાંતિલાલ શાહ (ભાભાનો પાડો)


અબોલ પશુનો છે પોકાર..... જીવદયા કરો હે નર-નાર!!!

**શ્રી પાટણ પાંજરાપોળ** સંચાલિત

શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલયઃ- ૩૧૮ પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭



જીવદયા **પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જનનો સુવર્ણ અવસર** જીવદયા



જીવનમાં આપને સુખ-શાંતિ-સમૃદ્ધિ અને શાતા જોઈતી હોય તો પશુઓની શાતા માટે પાટણ પાંજરાપોળમાં દાન આપી મહાન પુણ્યનું ભાથુ બાંધો.

પાટણ પાંજરાપોળની મધ્યમાં કમાન ઉપર રૂા. ૨૫ લાખનું દાન આપી આપના પરિવારનું નામ પાંજરાપોળ સાથે કાયમી સંલગ્ન બનાવો.

પાટણ નગરપાલિકા દ્વારા પાંજરાપોળમાં મોકલાતા નિરાધાર - રખડતા પશુઓના આશ્રય સ્થાન માટે પાંજરાપોળમાં ફાળવાયેલ નિયત સ્થાન માટે રૂા. ૨૧ લાખનું દાન આપી આપના પરિવારનું નામ પાંજરાપોળ સાથે કાયમી ધોરણે સંલગ્ન બનાવો.

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

| | |
|---|---|
| ૩૦,૦૦૦/- | શ્રી રાજેન્દ્રભાઈ રસિકલાલ શાહ (ચોધરીની શેરી) સ્વ. શ્રીમતી રસવંતીબેન રસિકલાલ શાહની બીજી માસિક પુણ્યતિથિ નિમિત્તે |
| ૨૨,૫૦૦/- | શ્રી નરેન્દ્રભાઈ કાંતિલાલ શાહ (મણિયાતી પાડો) |

**શતાબ્દી ઉજવણી ભેટ :**

| | |
|---|---|
| ૨,૦૦,૦૦૦/- | શ્રી વિનોદભાઈ હરિલાલ ઝવેરી (બ્રાહ્મણવાડો) |
| ૨,૦૦,૦૦૦/- | શ્રીમતી વિમળાબેન મહાસુખલાલ શાહ (કોલકાતાવાળા) (મારફતિયા મહેતાનો પાડો) |
| ૧,૦૦,૦૦૦/- | શ્રી જયંતિલાલ મણિલાલ દેવડાવાળા (લીમડીનો પાડો) |

**મેડિકલ / શિક્ષણ / સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ:**

| | |
|---|---|
| ૨,૦૦,૦૦૦/- | શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ તથા શ્રી પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ હ. ચિંતન, યુતિ, દર્શન, નિશીત સ્વ. શ્રીમતી શારદાબેન મહાસુખલાલ શાહના સ્મરણાર્થે (અબજી મહેતાનો પાડો) |

**મેડિકલ / શિક્ષણ સહાય ભેટ:**

| | |
|---|---|
| ૧.૦૨,૦૦૦/- | સ્વ. શ્રીમતી વીરમતીબેન નવીનચંદ્ર તથા સ્વ. શ્રી અક્ષયભાઈ નવીનચંદ્ર શાહના સ્મરણાર્થે (કપુર મહેતાનો પાડો) હ. શ્રીમતી હેમાબેન મયંકભાઈ શાહ, શ્રીમતી રશ્મિબેન અશોકભાઈ શાહ તથા શ્રીમતી કલ્પનાબેન બીરેનભાઈ શાહ - |
| ૧૬,૧૦૦/- | શ્રી હરેશભાઈ વૃજલાલ શાહ - ચિ. મેઘાના લગ્નપ્રસંગે (કનાસાનો પાડો) |

**મેડિકલ સહાય ભેટ :**

| | |
|---|---|
| ૧,૦૧,૦૦૦/- | શ્રી અમીષભાઈ નરેન્દ્રભાઈ શાહ સ્વ. શ્રીમતી નિરંજનાબેન નરેન્દ્રભાઈ શાહના આત્મશ્રેયાર્થે(મારફતિયા મહેતાનો પાડો) |
| ૯૧,૦૦૦/- | શ્રી કુનાલભાઈ અતુલભાઈ શાહ (અબજી મહેતાનો પાડો) સ્વ. શ્રી ચંદ્રકાન્તભાઈ મનસુખલાલ શાહના સ્મરણાર્થે |
| ૯૧,૦૦૦/- | શ્રી જિતેન્દ્રભાઈ કેશવલાલ શાહની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે હ. શ્રીમતી મંજુલાબેન, શ્રી જનકભાઈ, શ્રીમતી હેમલ તથા ચિ. ધરમ (મનમોહનજીની શેરી) |
| ૫૪,૦૦૦/- | શ્રી ભરતભાઈ રમણલાલ શાહના સ્મરણાર્થે હ. તેમની સુપુત્રી શ્રીમતી વૈશાલીબેન અલ્પેશભાઈ શાહ (ખજુરીનો પાડો) |
| ૫૪,૦૦૦/- | શ્રીમતી રમીલાબેન ભરતભાઈ શાહના સ્મરણાર્થે હ. તેમની સુપુત્રી શ્રીમતી વૈશાલીબેન અલ્પેશભાઈ શાહ (ખજુરીનો પાડો) |
| ૫૧,૦૦૦/- | શ્રીમતી નિરંજનાબેન જયંતિલાલ શાહ હ. શ્રી જ્યોતિનભાઈ જયંતિલાલ શાહ (અબજી મહેતાનો પાડો) |
| ૫૦,૦૦૦/- | ડૉ. પરાગભાઈ ગિરધરલાલ ઝવેરી (ઝવેરી વાડો) |
| ૫૦,૦૦૦/- | શ્રી ભદ્રકાંતભાઈ પ્રેમચંદ શાહ (ઢંઢેરવાડો) |
| ૫૧,૦૦૦/- | શ્રી રમેશભાઈ કંચનલાલ કાપડિયા (કોકાનો પાડો) |
| ૨૫,૦૦૦/- | શ્રીમતી નિપૂર્ણાબેન શૈલેષભાઈ શાહ (કનાસાનો પાડો) |
| ૧૧,૦૦૦/- | શ્રી કેવીન લલિતકુમાર શાહ (કુંભારીયા પાડો) |
| ૫,૫૦૦/- | શ્રી કમલેશભાઈ અમૃતલાલ શાહ (ઝવેરી વાડો) સ્વ. શ્રીમતી નીનાબેન કમલેશભાઈ શાહના સ્મરણાર્થે |
| ૫,૦૦૦/- | સ્વ. શ્રીમતી રસિલાબેન પ્રમોદકુમાર શાહ (મારફતિયા મહેતાનો પાડો) |
| ૫,૦૦૦/- | શ્રીમતી દિપ્તીબેન શરદભાઈ શાહ (વખતજીની શેરી) સ્વ. શ્રી શરદભાઈ ભગુભાઈ શાહની સ્મૃતિમાં |
| ૫,૦૦૦/- | શ્રી લલિતભાઈ મહાસુખલાલ શાહ, માસિક પુણ્યતિથિ નિમિત્તે(અબજી મહેતાનો પાડો) |
| ૫,૦૦૦/- | શ્રી રમેશભાઈ મહાસુખલાલ શાહ, માસિક પુણ્યતિથિ નિમિત્તે (અબજી મહેતાનો પાડો) |

**શ્રીમતી ભારતીબેન યશવંતભાઈ ઝવેરી સ્પોટ્ર્સ એન્ડ કલ્ચરલ સેન્ટર:**

| | |
|---|---|
| ૩,૫૦,૦૦૦/- | શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (બ્રાહ્મણવાડો) |

**દિવ્યાંગ ઉત્કર્ષ / શિક્ષણ / મેડિકલ / વૃદ્ધજન / વિધવા સહાય ભેટ :**

| | |
|---|---|
| ૩,૩૭,૫૦૦/- | શ્રી નરેન્દ્રભાઈ કાંતિલાલ ખાંડવાલા (વખતજીની શેરી) |
| ૧,૪૫,૦૦૦/- | શ્રી દુષ્યંતભાઈ કાંતિલાલ ખાંડવાલા (વખતજીની શેરી) |

**દિવ્યાંગ ઉત્કર્ષ ભેટ :**

| | |
|---|---|
| ૫૦,૦૦૦/- | શ્રી હરસુખ બી. મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૩૧,૦૦૦/- | શ્રી જિતેન્દ્રભાઈ કે. શાહ |
| ૨૫,૦૦૦/- | શ્રી જિતેન્દ્રભાઈ કીર્તિલાલ ભંસાલી |
| ૧૧,૦૦૦/- | શ્રીમતી તૃપ્તિબેન જિતેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી) |
| ૧૧,૦૦૦/- | શ્રી અમીતભાઈ મહેશભાઈ દોશી |
| ૫,૦૦૦/- | શ્રી નિશાબેન એસ. મઝુમદાર |
| ૫,૦૦૦/- | શ્રીમતી ઉષાબેન કિશોરભાઈ ઝવેરી |
| ૫,૦૦૦/- | શ્રીમતી ધર્મિષ્ઠાબેન સતીષભાઈ મહેતા |

**શિક્ષણ સહાય ભેટ :**

| | |
|---|---|
| ૫૧,૦૦૦/- | સ્વ. શ્રીમતી સુભદ્રાબેન જયંતિલાલ શાહ (અબજી મહેતાનો પાડો) હ. શ્રી શૈલેષભાઈ જયંતિલાલ શાહ |
| ૨૫,૦૦૦/- | ડૉ. જશ્મીનબેન રાજીવભાઈ શાહ (લખિયારવાડો) |
| ૨૫,૦૦૦/- | શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી વાડો) હ. શ્રીમતી પૂજાબેન કેયૂરભાઈ શાહ |
| ૨૫,૦૦૦/- | શ્રી બિપીનભાઈ અમૃતલાલ શાહ (ભાભાનો પાડો) હ. શ્રીમતી વિદ્યુતબેન બિપીનચંદ્ર શાહ |
| ૧૧,૦૦૦/- | શ્રી સંજયભાઈ મનહરલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો) |

**હેલ્થકેર સાધન ભેટ :**

| | |
|---|---|
| ૫૦,૦૦૦/- | શ્રી મનીષભાઈ મહેન્દ્રભાઈ શાહ |
| ૫૦,૦૦૦/- | શ્રી મનીષભાઈ કનકભાઈ દેસાઈ |

૨૫,૦૦૦/- શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (ભાભાનો પાડો)
હ. શ્રીમતી તૃપ્તિબેન રાજેન્દ્રભાઈ શાહ
૫,૦૦૧/- શ્રી પ્રશાંતભાઈ અશ્વીનભાઈ શાહ
૫,૦૦૦/- શ્રી સચીનભાઈ વિનોદભાઈ શાહ

**આર્થિક સહાય ભેટ :**

૫૦,૦૦૦/- શ્રી હસમુખભાઈ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)

**સિનિયર સિટિઝન / મેડિકલ / શિક્ષણ સહાય ભેટ :**

૧૫,૦૦૦/- શ્રીમતી મૃદુલાબેન નિતિનભાઈ શાહ પરિવાર (મારફતિયા મહેતાનો પાડો)
સ્વ. શ્રીમતી કુસુમબેન શાંતિલાલ શાહના સ્મરણાર્થે

**સિનિયર સિટિઝન સહાય ભેટ :**

૧૧,૦૦૦/- શ્રીમતી વર્ષાબેન અને શ્રી જીગરભાઈ સુધીરભાઈ શાહ (લખિયાર વાડો)
શ્રીમતી પુષ્પાબેન રમણલાલ શાહના સુપુત્ર શ્રી સુધીરભાઈના સ્મરણાર્થે

**પાના નં. ૧૫થી ચાલુ**

અડચણો અનુભવવી પડે છે અને સંસ્થા સમક્ષ સહાય માટે હાથ લંબાવવા પડે છે. પરંતુ અપુરતા ફંડના પરિણામે તેઓની પુરેપુરી માંગણી સંતોષવા સંસ્થા અસમર્થ રહે છે. તેવા સમયે કુંભારીયા પાડાના શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ દ્વારા શ્રીમતી સાધનાબેનના ૭૫માં જન્મ દિનની ખુશાલીમાં રૂા. ૨૧ લાખની ઉદાર સખાવત સમર્પિત કરતા **''શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ વિધવા સહાય ફંડ''** સ્વીકારાયેલ છે, જે અંતર્ગત સમાજની વિધવા બહેનોને નિયમોનુસાર આર્થિક સહાય આપવામાં આવશે.

**કેન્સર થેરેપી ફંડ :-**

શ્રી પાટણ જૈન મંડળની વિવિધ મેડિકલ સહાય પ્રવૃત્તિઓના સુંદર આયોજનોની સમાજના પરિવારોને મેડિકલ ક્ષેત્રે થતાં વિશાળ ખર્ચમાં સંસ્થા દ્વારા આર્થિક સહાય પ્રદાન કરી સહાયક થવામાં આવે છે જેનાથી પ્રેરાઈ અબજી મહેતાના પાડાના શ્રી હસમુખલાલ મહાસુખલાલ શાહ દ્વારા તેમની સદ્ગત ધર્મપત્ની શ્રીમતી પુષ્પાબેનનું નામ સંસ્થા સાથે કાયમી જોડાયેલ રહેલ તેવા શુભ આશયથી રૂા. ૨૧ લાખની સખાવત સમર્પિત થતાં શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ કેન્સર થેરાપી મેડિકલ સહાય યોજના સાકાર થવા પામેલ છે.

આ યોજના અંતર્ગત કેન્સર ગ્રસ્ત દર્દીઓને કેમોથેરેપી કે તેને સંલગ્ન સારવાર અંગે થતાં ખર્ચમાં સહાય આપવામાં આવશે.

## તપસ્યા અનુમોદના :

ચાર્તુમાસ પ્રારંભથી પર્વાધિરાજ પર્યુષણ પર્વ પ્રસંગે આપણા સમાજમાંથી અનેક ભાઈ-બહેનોએ કર્મની નિર્જરા કરનાર **નાનીમોટી તપશ્ચર્યા કરી હશે.** અઠ્ઠાઈ કે તેથી વધુ ઉપવાસ કરનાર ભાઈ-બહેનોએ પોતાના નામ, ઉંમર, રહેઠાણ વિસ્તાર, પાટણનો મહોલ્લો, તપનો પ્રકાર ઈત્યાદિ વિગતો **મોડામાં મોડી તા. ૧૫-૧૦-૨૦૨૧ સુધીમાં મંડળના કાર્યાલયમાં લેખીત મોકલવી.** મળેલ તપસ્વીની યાદી અનુકુળતાએ પ્રતિબિંબમાં પ્રકાશિત કરવાના પ્રયત્ન કરીશું, ***ત્યારબાદ મળેલ વિગતો પ્રગટ કરવામાં આવશે નહીં.*** જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

જે તપસ્વી ભાઈ-બહેનોએ **માસક્ષમણ/શ્રેણીતપ/સિદ્ધિતપ કે વરસીતપની ઉગ્રતપશ્ચર્યા કરી હશે તેઓના ફોટા છાપવાનું નક્કી કરવામાં આવેલ છે,** તો તેવા તપસ્વીઓએ પોતાનો 'રંગીન ફોટો પાસપોર્ટ સાઈઝનો પાછળ નામ લખીને' મંડળના મુખ્ય કાર્યાલય ખાતે **તા. ૧૫-૧૦-૨૦૨૧ સુધીમાં મોકલી આપવા વિનંતી.**

**નોંધઃ** આપની વિગતો અને ફોટો મંડળના મો. 9167902267 ઉપર પણ મોકલાવી શકાય છે. WhatsApp કર્યાબાદ ફોનથી જાણ કરવા ખાસ વિનંતી.

❑ **સંપાદક સમિતિ**


## શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

### નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** • **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**
**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/-** • **દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.
**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**
**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ**

ADVT

# શ્રદ્ધાંજલિ

**સંસ્થાની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદો, દાતાશ્રીઓ અને કાર્યકરોના થયેલ દુઃખદ અવસાનની નોંધ લેતાં મંડળ શોક અને દુઃખની લાગણી વ્યક્ત કરે છે. પરમાત્મા સદ્‌ગતના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.**

**શ્રી ધીરેનભાઈ ચંદ્રકાંતભાઈ શાહ** (પોળની શેરી) :-

શ્રી પાટણ જૈન મંડળ તથા વ્યવસ્થાપક સમિતિના આજીવન સભ્ય, શ્રી ધીરેનભાઈ ચંદ્રકાંતભાઈ શાહના તા. ૧૮-૦૨-૨૦૨૦ના દિને ૬૨ વર્ષની વયે થયેલ દુઃખદ અવસાનની સખેદ નોંધ લેતા, મંડળે દુઃખની લાગણી અનુભવી છે.

**શ્રી જતીનભાઈ બાલુભાઈ શાહ** (કનાસાનો પાડો) :-

શ્રી પાટણ જૈન મંડળ તથા વ્યવસ્થાપક સમિતિના આજીવન સભ્ય, શ્રી જતીનભાઈ બાલુભાઈ શાહના તા. ૧૩-૦૩-૨૦૨૦ના દિને ૬૯ વર્ષની વયે થયેલ દુઃખદ અવસાનની સખેદ નોંધ લેતા, મંડળ અને સમાજે દુઃખની લાગણી અનુભવી.

સદ્‌ગતશ્રી મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સને ૨૦૧૦ થી જોડાયા હતા.

જીવનના પાછલી અવસ્થાએ માઁ સરસ્વતીની કૃપાએ જન્મેલ સાહિત્ય શોખના પરિણામે અછાંદસ રચનાઓનો ''કાવ્ય ગુંજન'' કાવ્ય સંગ્ર પ્રસિદ્ધ કરવામાં આવેલ.

**શ્રી કીર્તિકુમાર જેશીંગલાલ શાહ** (કુંભારીયા પાડો) :-

શ્રી પાટણ જૈન મંડળ તથા વ્યવસ્થાપક સમિતિના આજીવન સભ્ય, મુરબ્બી શ્રી કીર્તિકુમાર જેશીંગલાલ શાહના તા. ૦૪-૦૪-૨૦૨૦ના દિને ૮૬ વર્ષની વયે થયેલ દુઃખદ અવસાનની સખેદ નોંધ લેતા, મંડળ અને સમાજે દુઃખની લાગણી અનુભવી છે.

સદ્‌ગતશ્રી મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સને ૧૯૭૬માં જોડાઈ વર્ષો પર્યંત સંસ્થાના સમાજ વિકાસ કાર્યોમાં સુંદર યોગદાન પુરુ પાડવામાં આવેલ.

સદ્‌ગતશ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટના ટ્રસ્ટી પદે બિરાજી જિનાલય વિકાસના કાર્યોમાં તન-મન-ધનથી પ્રસંશનીય સેવાઓ આપી હતી.

**શ્રી ભદ્રકુમાર મણિલાલ શાહ** (ખેતરપાળનો પાડો) :-

શ્રી પાટણ જૈન મંડળ તથા વ્યવસ્થાપક સમિતિના આજીવન સભ્ય, ટ્રસ્ટી, મુરબ્બી શ્રી ભદ્રકુમાર મણિલાલ શાહના તા. ૨૪-૦૪-૨૦૨૦ના દિને ૮૪ વર્ષની જૈફ વયે થયેલ દુઃખદ અવસાનની સખેદ નોંધ લેતા, મંડળ અને સમાજે દુઃખની લાગણી અનુભવી છે.

સદ્‌ગતશ્રી વર્ષ ૨૦૧૨-૧૩ થી ૨૦૧૪-૧૫ દરમ્યાન ત્રણ વર્ષ ટ્રસ્ટી પદે સેવાઓ આપેલ હતી.

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સને ૨૦૧૨ થી ૨૦૧૯ સુધી સભ્ય હતા.

સમાજના માનસિક શારિરીક વિકલાંગ બાળકોના સર્વાંગી વિકાસાર્થે તેમના પરિવાર દ્વારા પ્રાપ્ત થયેલ સખાવતના પરિણામે **''અલ્કેશ ભદ્રકુમાર શાહ મેમોરિયલ દિવ્યાંગ ઉત્કર્ષ સહાય યોજના''** સાકાર થવા પામેલ છે.

**શ્રીમતી રસીલાબેન પ્રમોદકુમાર શાહ** (મારફતિયા મહેતાનો પાડો) :-

શ્રી પાટણ જૈન મંડળ તથા વ્યવસ્થાપક સમિતિના આજીવન સભ્ય અને દાતા શ્રીમતી રસીલાબેન પ્રમોદકુમાર શાહના તા. ૧૦-૦૭-૨૦૨૦ના દિને ૭૯ વર્ષની વયે થયેલ દુઃખદ અવસાનની સખેદ નોંધ લેતા, મંડળે દુઃખ સાથે આઘાતની લાગણી અનુભવી છે.

સદ્‌ગતશ્રી મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સને ૧૯૭૮ થી જોડાયા હતાં.

સદ્‌ગતશ્રીના પરિવાર દ્વારા સને ૧૯૭૯માં પ્રાપ્ત થયેલ સખાવતના પરિણામે પાટણ ખાતે સ્થપાયેલ અદ્યતન અતિથીગૃહ સાથે **''શેઠ પ્રમોદકુમાર કેશવલાલ શાહ''નું** નામાભિધાન કરવામાં આવેલ.

**શ્રી શરદભાઈ સેવંતીલાલ શાહ** (તંબોલી વાડો) :-

શ્રી પાટણ જૈન મંડળ તથા વ્યવસ્થાપક સમિતિના આજીવન સભ્ય, શ્રી શરદભાઈ સેવંતીલાલ શાહના તા. ૦૨-૦૮-૨૦૨૦ના દિને ૬૪ વર્ષની વયે થયેલ દુઃખદ અવસાનની સખેદ નોંધ લેતા, મંડળે દુઃખની લાગણી અનુભવી છે.

**શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલીયાવાળા** (મનમોહનજીની શેરી) :-

શ્રી પાટણ જૈન મંડળ તથા વ્યવસ્થાપક સમિતિના આજીવન સભ્ય તથા દાતા, મુરબ્બી શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલિયાવાળાના તા. ૧૫-૦૧-૨૦૨૧ના દિને ૭૯ વર્ષની જૈફ વયે થયેલ દુઃખદ અવસાનની સખેદ નોંધ લેતા, મંડળ અને સમાજે દુઃખ સાથે આઘાતની લાગણી અનુભવી છે.

શ્રી પ્રમોદભાઈએ શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિમાં વર્ષોથી જોડાઈ ઉત્કૃષ્ટ સેવાઓ પ્રદાન કરી હતી.

વિચક્ષણ વિચારોના પરિણામે વ્યવસાયનો વ્યાપ વિસ્તૃત કરવામાં તેઓ સફળ વ્યાપારી તરીકે ઉભરી આવ્યા હતાં.

સમાજના પરિવારોને લગ્ન પ્રસંગે થતાં વિશાળ ખર્ચમાં સહાયરૂપ થવાના શુભઆશયથી લગભગ ત્રણ દાયકા પૂર્વે સંસ્થાને ઉદાર સખાવત સમર્પિત કરી ''શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલિયાવાળા સમૂહ લગ્ન સમારોહ યોજના'' સાકાર કરનાર તેઓશ્રી આધાર સ્થંભ હતાં. આ વ્યવસ્થા અંતર્ગત અત્યારસુધી લગભગ ૧૫૦થી વધુ યુગલોએ લગ્નગ્રંથીથી જોડાઈ તેમની ભાવનાને ચરિતાર્થ કરેલ.

સંસ્થાની ''અમૃત મહોત્સવ ઉજવણી''થી લઈ ''શતાબ્દી ઉજવણી''ના પ્રત્યેક અવસરોએ તેમના તરફથી ઉદારતા પૂર્વક

આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત છેલ્લા કેટલાક વર્ષોથી યોજાતી સમાજના યુવા ખેલાડીઓની ''પાટણ પ્રિમિયમ લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ''માં પણ તેઓ ''એસ.પી.એસ. સુપરસ્ટાર'' ટીમના સૌજન્ય દાતા રહી હંમેશા યોગદાન આપેલ છે.

**શ્રી જગદીશભાઈ મણિલાલ સંઘવી** (મારફતિયા મહેતાનો પાડો) :-

શ્રી પાટણ જૈન મંડળ તથા વ્યવસ્થાપક સમિતિના આજીવન સભ્ય, શ્રી જગદીશભાઈ મણિલાલ સંઘવીના તા. ૦૫-૦૨-૨૦૨૧ના દિને ૮૧ વર્ષની જૈફ વયે થયેલ દુઃખદ અવસાનની સખેદ નોંધ લેતા, મંડળ દુઃખની લાગણી અનુભવી છે.

સમાજના એમ.બી.એ. બિઝનશ મેનેજમેન્ટ ઈત્યાદિ કોર્ષના અભ્યાસક્રમમાં જોડાતા વિદ્યાર્થીઓને તેના શૈક્ષણિક ખર્ચમાં સહાયક થવાની શુભ ભાવનાથી પ્રાપ્ત થયેલ સખાવતના પરિણામે ''શ્રી જગદીશ મણીલાલ સંઘવી-બિઝનેસ મેનેજમેન્ટ શિક્ષણ સહાય યોજના'' સાકાર થવા પામેલ છે.

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સદ્‌ગતશ્રી સને ૨૦૦૦ થી જોડાયા હતા.

**શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ સાંડેસરા** (કેશુશેઠના પાડો) :-

શ્રી પાટણ જૈન મંડળ તથા વ્યવસ્થાપક સમિતિના આજીવન સભ્ય, મુરબ્બી શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ સાંડેસરા તા. ૧૨-૦૫-૨૦૨૧, બુધવારના દિને ૮૬વર્ષની જૈફ વયે લાંબી માંદગી બાદ થયેલ દુઃખદ અવસાનની સખેદ નોંધ લેતા, મંડળે દુઃખ સાથે આઘાતની લાગણી અનુભવી છે.

શ્રી વર્ધમાનભાઈ શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સને ૧૯૮૬થી જોડાઈ ઉત્કૃષ્ટ સેવાઓ પ્રદાન કરી હતી. સને ૧૯૯૭/૯૮ થી ૨૦૦૨/૦૩ સુધી શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણના માનદ્‌મંત્રી પદે રહી શાળાના વિકાસમાં મહત્વનું યોગદાન આપેલ, આ ઉપરાંત પણ સમાજની રહેઠાણની સમસ્યામાં સહાયક થવા સને ૨૦૦૦-૨૦૦૧ થી ૨૦૦૨-૨૦૦૩ દરમ્યાન રહેઠાણ યોજના સમિતિમાં પણ માનદ્‌મંત્રી પદે રહી યથા શક્તિ યોગદાન આપેલ.

ગળથુથીમાં પ્રાપ્ત થયેલ ધાર્મિક સંસ્કારોના પરિણામે પાટણ ખાતેની બહેરા મુંગાની શાળામાં માત્ર ટ્રસ્ટી પદે બિરાજમાન ન રહેતા તેમના સર્વાંગી વિકાસ માટે મહત્વના પગલાઓ લઈ સહાયક થવા આર્થિક યોગદાન આપી પોતાની લક્ષ્મીનું તર્પણ કરી પૂણ્યાનુંબંધી પૂણ્યનું ભાથું બાંધવામાં તેઓ સફળ રહેલ. સાથોસાથ મંડળની વિકલાંગ ઉત્કર્ષ સમિતિના પણ સદસ્ય પદે રહી સરાહનીય કામગીરી અદા કરી હતી.

પ્રાણીમાત્ર માટે તેમના હૃદયમાં અનુકંપા રહેલ જેને પરિણામે દાદર ખાતેના કબુતરખાનામાં સક્રીય સેવાઓ અને આર્થિક યોગદાન આપતા.

**ડૉ. કીર્તિલાલ લક્ષ્મીચંદ શાહ** (મારફતિયા મહેતાનો પાડો) :-

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ અને દાતા મુરબ્બી ડૉ. કીર્તિલાલ લક્ષ્મીચંદ શાહનું ૯૧ વર્ષની જૈફ વયે તા. ૦૮-૦૬-૨૦૨૧ના દિને થયેલ દુઃખદ નિધનની સખેદ નોંધ લેતાં, મંડળ શોકની લાગણી અનુભવી.

સદ્‌ગતશ્રી મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સને ૨૦૧૨થી જોડાયા છે.

ઉમદા અભિગમથી તેઓશ્રી દ્વારા સંસ્થાની શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય વિકાસ માટે વિવિધ તબક્કે અગાઉના વર્ષોમાં સખાવત આપેલ છે. વિદ્યાલયના વિદ્યાર્થી હોઈ, તેના ઋણ ભાવ વ્યક્ત કરવા સાથે તેમની હયાતીની છેલ્લા દિવસે પણ સંસ્થાને યાદ કરી રૂા. બે લાખની સખાવત સમર્પિત કરવામાં આવેલ છે.

સદ્‌ગતશ્રી દ્વારા સંસ્થામાં અગાઉના વર્ષોમાં યોજાયેલ મેડિકલ સેમીનારોમાં પણ નિસ્વાર્થભાવે ઉપસ્થિત રહી સંસ્થાને સહાયભૂત થયા હતા.

**શ્રી શિરીષભાઈ પોપટલાલ શાહ** (મારફતિયા મહેતાનો પાડો) :-

શ્રી પાટણ જૈન મંડળના આજીવન સભાસદ અને દાતા શ્રી શિરીષભાઈ પોપટલાલ શાહનું ૮૨ વર્ષની જૈફ વયે તા. ૨૨-૦૬-૨૦૨૧ના દિને થયેલ દુઃખદ નિધનની સખેદ નોંધ લેતાં, મંડળ શોકની લાગણી અનુભવી.

શ્રી પાટણ જૈન મંડળની સ્થાપનાથી જ તેના મુખ્ય ઉદ્દેશ શિક્ષણને અનુલક્ષીને સને ૧૯૪૫માં પાટણ ખાતે વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી હતી. સંસ્થાની વિદ્યાલય સમિતિના વર્ષો સુધી માનદ્‌મંત્રી તરીકે શ્રી પોપટલાલ ભોગીલાલ શાહે સક્રીયપણે કાર્ય કરી શાળાના વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો હતો. શ્રી ભોગીલાલ દોલતચંદ શાહ પરિવાર તરફથી ઉદારતા પૂર્વકની સખાવતના પરિણામ સ્વરૂપ શાળાને ''શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય'' નામકરણ કરવામાં આવેલ.

સંસ્થા અને સમાજ પ્રત્યેની નિષ્ઠા અને શાળાના વિદ્યાર્થીઓની પ્રગતિ અને વિકાસમાં સહાયક થવાની ભાવનાથી સદ્‌ગતશ્રી


**જગ્યા વેચાણથી આપવાની છે**

2 BHK (Converted)
560 Sq.ft. Built up
ત્રીજે માળે

અદ્યતન સુવિધાયુક્ત ફ્લેટ
સંપૂર્ણ મારબલ ફ્લોરીંગ
બે એ.સી. રૂમ
ગેસ પાઈપ લાઈન
કિચન તથા બાથરૂમ
સંપૂર્ણ સુવિધા સાથે

બિલ્ડીંગમાં જ જૈન દેરાસર
પાર્કિંગની વ્યવસ્થા ઉપલબ્ધ

ફક્ત ૨ મિનિટના અંતરે
કરિયાણા, મેડિકલ સહિતની
અનેક આવશ્યક દુકાનો, બેંક વિગેરે

**સંપર્ક : વિપુલ શાહ**
**મો.9892241194**
એ-૨૨,
પાટણ જૈન મંડળ બિલ્ડીંગ,
રતનનગર, બોરીવલી (ઈ),
મુંબઈ-૪૦૦૦૯૮.

શિરીષભાઈ દ્વારા સંસ્થાની શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલયની પ્રવૃત્તિઓના વિકાસમાં વિવિધ તબક્કે અવારનવાર ઉમદા સખાવતો સમર્પિત કરવામાં આવેલ.

**બાબુ ભરતકુમાર રાજેન્દ્રકુમાર ઝવેરી** (શામળાજીની શેરી) :-

શ્રી પાટણ જૈન મંડળના મુખ્ય દાતા, આજીવન સભાસદ અને સમાજના આગેવાન મુરબ્બી બાબુ ભરતકુમાર રાજેન્દ્રકુમાર ઝવેરીનું સોમવાર, તા. ૧૯-૦૭-૨૦૨૧ના ૭૫ વર્ષની વયે અચાનક થયેલ દુ:ખદ અવસાનની સખેદ નોંધ લેતા, મંડળ તેમજ જૈન અને જૈનેતર સમાજે આઘાતની લાગણી અનુભવી છે.

સાધુ સાધ્વીજી ભગવંતો તથા મુમુક્ષુઓને શ્રુતજ્ઞાન પ્રદાન અર્થે પાટણ ખાતે સને ૧૯૯૧માં સ્થપાયેલ ‘‘સિદ્ધહેમ જ્ઞાનપીઠ’’માં સહયોગી દાતા તેમજ પાટણ ખાતેની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંકુલમાં સને ૧૯૯૪માં સ્થપાયેલ ‘‘જૈન એકેડમી એન્ડ રીસર્ચ સેન્ટર’’ના ભવન નિર્માણ માટે બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર ટેમ્પલ ટ્રસ્ટમાંથી ઉદાર આર્થિક યોગદાન પ્રાપ્ત થતાં ‘‘બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર જૈન એકેડમી ભવન’’ નામાભિધાન થયેલ છે.

શ્રી પાટણ જૈન મંડળના ઉજ્જવળ કારકીર્દિના ૧૦૦ વર્ષના શતાબ્દી મહોત્સવ ઉજવણી પ્રસંગે, ઉપરોક્ત ટ્રસ્ટમાંથી રૂપિયા સવા કરોડનું દાન આપવાનું જાહેર કરવામાં આવેલ. સાથોસાથ શતાબ્દી ગૌરવ ફંડ તથા શતાબ્દી ઉજવણી અર્થે પણ આર્થિક યોગદાન અર્પણ કરવામાં આવેલ છે.

શ્રી ભરતભાઈ દ્વારા સમાજના દિવ્યાંગ બાળકોના સર્વાંગી વિકાસાર્થે પણ ઉપરોક્ત ટ્રસ્ટમાંથી આર્થિક યોગદાન આપવામાં આવેલ છે જેને પરિણામે પાટણ ખાતે કાર્યરત કાર્યશાળા સાથે ‘‘બાબુ અમીચંદ પનાલાલ આદેશ્વરજી જૈન ચરીટેબલ ટ્રસ્ટ’’નું નામ જોડવામાં આવેલ છે.

શ્રી ભરતભાઈએ ઉપરોક્ત ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી પદે મરણોપર્યંત રહી, તન-મન-ધનથી સેવાઓ આપી હતી. સદ્‌ગતશ્રીના અવસાનથી સંસ્થા અને સમાજને ઉદારદિલ દાતા તથા શુભેચ્છકની ખોટ પડેલ છે.

**આ ઉપરાંત, મંડળના શુભેચ્છકો એવા સમાજના વ્યક્તિઓના થયેલ દુ:ખદ અવસાનની નોંધ લઈ, તેઓના કુટુંબીજનોના દુ:ખમાં મંડળ સંવેદનાની લાગણી વ્યક્તિ કરે છે.**

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | અમીતભાઈ જયંતિલાલ પાલેજવાલા | ૬૧ | વાલકેશ્વર | ૧૬-૦૪-૧૯ | ચૈત્ર સુદ ૧૧ |
| વિશા શ્રીમાળી | પોળની શેરી | ધીરેનભાઈ ચંદ્રકાંતભાઈ શાહ | ૬૨ | નેપિયન્સી રોડ | ૧૮-૦૨-૨૦ | મહા વદ ૧૦ |
| વિશા પોરવાળ | ઝવેરીવાડો | સુરેખાબેન હરેશભાઈ શાહ | ૬૮ | મરીનડ્રાઈવ | ૨૩-૦૨-૨૦ | મહા વદ ૩૦ |
| દશા શ્રીમાળી | ચોધરીની શેરી | શશિકાંતભાઈ બાબુલાલ શાહ | ૭૯ | બોરીવલી | ૨૭-૦૨-૨૦ | ફાગણ સુદ ૦૪ |
| વિશા શ્રીમાળી | કસુંબીયા વાડો | રજનીકાંત નાગરદાસ શાહ | ૮૭ | અંધેરી | ૨૮-૦૨-૨૦ | ફાગણ સુદ ૦૪ |
| વિશા શ્રીમાળી | કુંભારિયા પાડો | મફતલાલ કેશવલાલ શાહ | ૯૪ | મરીનડ્રાઈવ | ૦૨-૦૩-૨૦ | ફાગણ સુદ ૦૭ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | મહેન્દ્રભાઈ રતિલાલ ઝવેરી | ૮૪ | ચોપાટી | ૦૩-૦૩-૨૦ | ફાગણ સુદ ૦૮ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | જતીનભાઈ બાલુભાઈ શાહ | ૬૯ | મરીનડ્રાઈવ | ૧૩-૦૩-૨૦ | ફાગણ વદ ૦૪ |
| વિશા શ્રીમાળી | કુંભારિયા પાડો | કીર્તિકુમાર જેશીંગલાલ શાહ | ૮૬ | મરીનડ્રાઈવ | ૦૪-૦૪-૨૦ | ચૈત્ર સુદ ૧૧ |
| દશા પોરવાળ | મલ્લાતનો પાડો | નંદિતાબેન નરેન્દ્રકુમાર શાહ | ૭૦ | ભાયંદર | ૧૬-૦૪-૨૦ | ચૈત્ર વદ ૦૯ |
| દશા ઓસવાલ | ખેતરપાળનો પાડો | ભદ્રકુમાર મણિલાલ શાહ | ૮૪ | મરીનડ્રાઈવ | ૨૫-૦૪-૨૦ | વૈશાખ સુદ ૦૨ |
| વિશા પોરવાળ | ચિતારાની ખડકી | નરેન્દ્રભાઈ રમણિકલાલ પાત્રાવાલા | ૮૨ | એલફિસ્ટન | ૨૫-૦૬-૨૦ | અષાઢ સુદ ૦૪ |
| વિશા શ્રીમાળી | મારફતિયા મહેતાનો પાડો | રસિલાબેન પ્રમોદભાઈ શાહ | ૭૯ | નેપિયન્સી રોડ | ૧૦-૦૭-૨૦ | અષાઢ વદ ૦૫ |
| વિશા શ્રીમાળી | તંબોલી વાડો | રમેશભાઈ રસિકલાલ શાહ | ૭૮ | કાંદિવલી | ૨૫-૦૭-૨૦ | શ્રાવણ સુદ ૦૫ |
| વિશા શ્રીમાળી | તંબોલીવાડો | શરદભાઈ સેવંતીલાલ શાહ | ૬૪ | ગોવાલિયા ટેન્ક | ૦૨-૦૮-૨૦ | શ્રાવણ સુદ ૧૪ |
| દશા ઓસવાલ | પંચોટીનો પાડો | પંકજભાઈ લલિતભાઈ શાહ | ૭૦ | કાંદિવલી | ૨૦-૦૮-૨૦ | ભાદરવા સુદ ૦૨ |
| દશા શ્રીમાળી | પંચોટીનો પાડો | ભરતભાઈ ચીમનલાલ શાહ | ૮૩ | કાંદિવલી | ૦૮-૦૯-૨૦ | ભાદરવા વદ ૦૭ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | પ્રવિણાબેન પ્રવિણભાઈ શાહ | ૭૫ | મરીનડ્રાઈવ | ૧૦-૦૯-૨૦ | ભાદરવા વદ ૦૮ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | સંધ્યાબેન રાજેશભાઈ શાહ | ૭૦ | દહીંસર | ૧૧-૦૯-૨૦ | ભાદરવા વદ ૦૯ |
| વિશા શ્રીમાળી | મહાલક્ષ્મીમાતાનો પાડો | સુમીત્રાબેન રમેશચંદ્ર શાહ | ૭૬ | બોરીવલી | ૧૧-૦૯-૨૦ | ભાદરવા વદ ૦૯ |
| સાંડેસરા | અબજી મહેતાનો પાડો | લલિતભાઈ કેશવલાલ શાહ | ૮૨ | મુંબઈ સેન્ટ્રલ | ૧૮-૦૯-૨૦ | અધિકઆસો સુદ ૦૧ |
| દશા ઓસવાલ | ખડાખોટડીનો પાડો | વિક્રમભાઈ ચીનુભાઈ શાહ | ૬૭ | કાંદિવલી | ૦૪-૧૦-૨૦ | અધિકઆસો વદ ૦૨ |
| વિશા શ્રીમાળી | મહાલક્ષ્મીમાતાનો પાડો | રજનીકાંત માણેકલાલ શાહ | ૯૦ | અમદાવાદ | ૧૭-૧૦-૨૦ | નીજ આસો સુદ ૦૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | કુંભારિયા પાડો | રાજભાઈ સેવંતીલાલ શાહ | ૫૭ | સી.પી.ટેન્ક | ૩૦-૧૧-૨૦ | કારતક સુદ ૧૫ |
| દશા પોરવાળ | કટકિયા વાડો | વિનોદભાઈ ત્રિકમલાલ ઝવેરી | ૮૧ | અંધેરી | ૦૫-૧૨-૨૦ | કારતક વદ ૦૫ |
| દશા ઓસવાલ | ખજૂરીનો પાડો | હિનાબેન અતુલભાઈ ચોક્સી | ૬૧ | મરીનડ્રાઈવ | ૧૫-૧૨-૨૦ | માગસર સુદ ૦૧ |
| વિશા પોરવાળ | અજીતનાથની પોળ | મંજુલાબેન વિપીનભાઈ શાહ | ૮૮ | ચોપાટી | ૨૨-૧૨-૨૦ | માગસર સુદ ૦૮ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | હેમલતાબેન રજનીભાઈ શાહ | ૮૩ | ગોવાલિયા ટેન્ક | ૨૩-૧૨-૨૦ | માગસર સુદ ૦૯ |
| વિશા શ્રીમાળી | મારફતિયા મહેતાનો પાડો | લલિતકુમાર જયંતિલાલ શાહ | ૬૫ | ભાયંદર | ૦૮-૦૧-૨૧ | માગસર વદ ૧૦ |
| દશા ઓસવાલ | કનાસાનો પાડો | પ્રતિભાબેન કુમારપાળ શાહ | ૬૩ | મરીનડ્રાઈવ | ૦૯-૦૧-૨૧ | માગસર વદ ૧૧ |
| દશા શ્રીમાળી | મારફતિયા મહેતાનો પાડો | અનિલભાઈ મણિલાલ સંઘવી | ૮૧ | વિલેપાર્લે | ૧૧-૦૧-૨૧ | માગસર વદ ૧૩ |
| વિશા શ્રીમાળી | લખિયારવાડો | નવીનભાઈ લક્ષ્મીચંદ શાહ (ધુસા) | ૮૯ | વોર્ડન રોડ | ૧૫-૦૧-૨૧ | પોષ સુદ ૦૨ |
| વિશા શ્રીમાળી | મનમોહનજીની શેરી | શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલિયાવાળા | ૭૫ | મરીનડ્રાઈવ | ૧૫-૦૧-૨૧ | પોષ સુદ ૦૨ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | ડો. મહાસુખભાઈ કપૂરચંદ જૈન | ૮૦ | શીરપુર | ૧૮-૦૧-૨૧ | પોષ સુદ ૦૫ |
| વિશા શ્રીમાળી | મારફતિયા મહેતાનો પાડો | જગદીશભાઈ મણિલાલ સંઘવી | ૮૧ | વર્લી | ૦૫-૦૨-૨૧ | પોષ વદ ૦૮ |
| વિશા શ્રીમાળી | તંબોલીવાડો | નિર્મળાબેન મનસુખલાલ શાહ | ૮૭ | ભાયંદર | ૨૧-૦૨-૨૧ | મહા સુદ ૦૯ |
| દશા શ્રીમાળી | નિશાળનો પાડો | અલ્પાબેન પ્રિતેશભાઈ શાહ | ૩૭ | કાંદિવલી | ૨૨-૦૨-૨૧ | મહા સુદ ૧૦ |
| દશા ઓસવાલ | ચોધરીની શેરી | પ્રભાવતીબેન રમણલાલ શાહ | ૯૩ | પાલઘર | ૦૧-૦૩-૨૧ | મહા વદ ૦૨ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | શૈવલ (શૈલી) શૈલેષભાઈ ઝવેરી | ૪૬ | વાલકેશ્વર | ૦૫-૦૩-૨૧ | મહા વદ ૦૭ |
| દશા પોરવાળ | કનાસાનો પાડો | લલિતાબેન ચંપકભાઈ શાહ | ૮૮ | ગોરેગામ | ૦૫-૦૩-૨૧ | મહા વદ ૦૭ |
| દશા શ્રીમાળી | કનાસાનો પાડો | ભાનુબેન (લતાબેન)ગુલાબચંદ શાહ | ૯૭ | સાંતાક્રુઝ | ૨૦-૦૩-૨૧ | ફાગણ સુદ ૦૭ |
| વિશા શ્રીમાળી | ભાભાનો પાડો | દિનેશભાઈ જયંતિલાલ શાહ | ૭૪ | ગોરેગામ | ૨૪-૦૩-૨૧ | ફાગણ સુદ ૧૦ |
| દશા ઓસવાલ | તંબોલીવાડો | જતીનભાઈ કાંતિલાલ શાહ | ૬૨ | દહીંસર | ૨૬-૦૩-૨૧ | ફાગણ સુદ ૧૨ |
| સાંડેસરા | કસુંબિયા વાડો | સોનલબેન નરેશભાઈ શાહ | ૫૯ | દહીંસર | ૩૧-૦૩-૨૧ | ફાગણ વદ ૦૩ |
| વિશા શ્રીમાળી | તંબોલી વાડો | જશવંતલાલ અમૃતલાલ શાહ | ૮૬ | ગોરેગામ | ૨૮-૦૩-૨૧ | ફાગણ સુદ ૧૫ |
| દશા ઓસવાલ | ખડાખોટડીનો પાડો | નિરંજનભાઈ બાપુલાલ શાહ | ૮૩ | અમદાવાદ | ૦૨-૦૪-૨૧ | ફાગણ વદ ૦૫ |
| દશા પોરવાળ | ચોધરીની શેરી | રસવંતીબેન રસિકલાલ શાહ | ૮૮ | અંધેરી | ૦૮-૦૪-૨૧ | ફાગણ વદ ૧૨ |
| વિશા શ્રીમાળી | લીંબડીનો પાડો | દિવ્યેશભાઈ પ્રતાપચંદ શાહ | ૬૩ | બોરીવલી | ૧૩-૦૪-૨૧ | ચૈત્ર સુદ ૦૧ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | ભુપેન્દ્રભાઈ કાંતિલાલ શાહ | ૮૦ | અંધેરી | ૧૮-૦૪-૨૧ | ચૈત્ર સુદ ૦૬ |
| દશા ઓસવાલ | ચોધરીની શેરી | ધર્મેશભાઈ રમેશચંદ્ર શાહ | ૫૩ | મરીનલાઈન્સ | ૨૩-૦૪-૨૧ | ચૈત્ર સુદ ૧૧ |
| વિશા પોરવાળ | લખિયારવાડો | સરોજબેન રજનીકાંતભાઈ શાહ | ૭૫ | તારદેવ | ૨૬-૦૪-૨૧ | ચૈત્ર સુદ ૧૪ |
| સાલવી | સાલવી વાડો | અનંતભાઈ બાબુલાલ સાલવી | ૬૫ | અંધેરી | ૨૭-૦૪-૨૧ | ચૈત્ર સુદ ૧૫ |
| વિશા શ્રીમાળી | પોળની શેરી | હીનાબેન ગિરિશભાઈ શાહ | ૬૮ | રાજકોટ | ૨૯-૦૪-૨૧ | ચૈત્ર વદ ૦૩ |
| દશા પોરવાળ | તંબોલીવાડો | રમેશચંદ્ર સેવંતીલાલ ખાંડવાળા | ૮૪ | વસઈ | ૦૨-૦૫-૨૧ | ચૈત્ર સુદ ૦૬ |
| દશા શ્રીમાળી | વસાવાડો | વિનોદભાઈ કાંતિલાલ શાહ | ૮૩ | બોરીવલી | ૦૭-૦૫-૨૧ | ચૈત્ર સુદ ૧૧ |
| સાંડેસરા | કેશુશેઠનો પાડો | વર્ધમાનભાઈ નગીનદાસ શાહ | ૮૬ | દાદર | ૧૨-૦૫-૨૧ | વૈશાખ સુદ ૦૧ |
| વિશા ઓસવાલ | ઝવેરી વાડો | દેવીકાબેન સુરેશભાઈ ઝવેરી | ૮૦ | વિલેપાર્લે | ૧૩-૦૫-૨૧ | વૈશાખ સુદ ૦૨ |
| વિશા શ્રીમાળી | વાસુપૂજ્યની શેરી | હંસાબેન નવીનભાઈ ગુંદરવાલા | ૮૫ | સાંતાક્રુઝ | ૧૫-૦૫-૨૧ | વૈશાખ સુદ ૦૩ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | વર્ષાબેન દેવેન્દ્રભાઈ શાહ | ૬૬ | ગોરેગામ | ૧૮-૦૫-૨૧ | વૈશાખ સુદ ૦૬ |
| દશા પોરવાળ | કટકીયાવાડો | સુરેખાબેન રજનીકાંત શાહ | ૭૬ | મરીનડ્રાઈવ | ૨૦-૦૫-૨૧ | વૈશાખ સુદ ૦૮ |
| વિશા શ્રીમાળી | મનમોહનજીની શેરી | ભુપેન્દ્રભાઈ સેવંતીલાલ ઝવેરી | ૭૬ | અંધેરી | ૨૦-૦૫-૨૧ | વૈશાખ સુદ ૦૮ |
| વિશા શ્રીમાળી | બ્રાહ્મણવાડો | પ્રમોદભાઈ મણિલાલ શાહ | ૮૧ | મરીનડ્રાઈવ | ૨૨-૦૫-૨૧ | વૈશાખ સુદ ૧૦ |
| દશા શ્રીમાળી | પંચોટીનો પાડો | બીપીનચંદ્ર વાડીલાલ શાહ | ૮૫ | વસઈ | ૨૪-૦૫-૨૧ | વૈશાખ સુદ ૧૩ |
| દશા પોરવાળ | કટકીયા વાડો | કીર્તિલાલ ચંપકલાલ શાહ | ૮૮ | મરીનડ્રાઈવ | ૦૩-૦૬-૨૧ | વૈશાખ વદ ૧૦ |
| વિશા શ્રીમાળી | મનમોહનજીની શેરી | લલિતભાઈ સેવંતીલાલ ઝવેરી | ૮૩ | અંધેરી | ૧૪-૦૬-૨૧ | જેઠ સુદ ૦૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | જયંતિલાલ ભોગીલાલ પાલેજવાળા | ૯૮ | નેરૂલ | ૧૪-૦૬-૨૧ | જેઠ સુદ ૦૪ |
| વિશા શ્રીમાળી | કુંભારીયા પાડો | રાજેશભાઈ કાળીદાસ શાહ | ૮૨ | વિજાપુર | ૨૦-૦૬-૨૧ | જેઠ સુદ ૧૦ |
| દશા શ્રીમાળી | મારફતિયા મહેતાનો પાડો | શિરીષભાઈ પોપટલાલ શાહ | ૮૨ | વિલે પાર્લે | ૨૨-૦૬-૨૧ | જેઠ સુદ ૧૨ |
| વિશા ઓસવાલ | ઢંઢેરવાડો | દિનેશભાઈ જયંતિલાલ શાહ | ૭૮ | બોરીવલી | ૨૦-૦૬-૨૧ | જેઠ વદ ૧૦ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | પીનલ રસિકલાલ શાહ | ૫૪ | ગોરેગામ | ૨૦-૦૬-૨૧ | જેઠ વદ ૧૦ |
| વિશા પોરવળ | ચિતારાની ખડકી | નવીનચંદ્ર કાંતિલાલ પત્રાવાળા | ૭૮ | લોનાવાલા | ૨૮-૦૬-૨૧ | જેઠ વદ ૦૫ |
| દશા શ્રીમાળી | નિશાળનો પાડો | દિલીપભાઈ ગભરૂભાઈ શાહ | ૬૬ | સાંતાક્રુઝ | ૨૯-૦૬-૨૧ | જેઠ વદ ૦૫ |
| વિશા શ્રીમાળી | મહાદેવાજીની શેરી | મહેન્દ્રભાઈ નેમચંદ શાહ | ૭૫ | તારદેવ | ૦૩-૦૭-૨૧ | જેઠ વદ ૦૯ |
| વિશા શ્રીમાળી | લીમડીનો પાડો | કીર્તિલાલ મોહનલાલ શાહ | ૯૦ | દહીંસર | ૦૫-૦૭-૨૧ | જેઠ વદ ૧૧ |
| દશા ઓસવાલ | કોકાનો પાડો | રાજેશભાઈ ચંદ્રકાંતભાઈ મહેતા | ૬૪ | વી.પી. રોડ | ૦૪-૦૭-૨૧ | જેઠ વદ ૧૦ |
| વિશા પોરવાળ | અબજી મહેતાનો પાડો | લલિતભાઈ મહાસુખલાલ શાહ | ૮૩ | ગોરેગામ | ૧૧-૦૭-૨૧ | અષાઢ સુદ ૦૧ |
| દશા શ્રીમાળી | ખેજડાનો પાડો | વાસંતીબેન બીપીનભાઈ શાહ | ૭૨ | ભાંગવાડી | ૧૫-૦૭-૨૧ | અષાઢ સુદ ૦૫ |
| વિશા શ્રીમાળી | શામળાજીની શેરી | બાબુ ભરતકુમાર રાજેન્દ્રકુમાર ઝવેરી | ૭૬ | વાલકેશ્વર | ૧૯-૦૭-૨૧ | અષાઢ સુદ ૧૦ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | હેમલતાબેન પ્રવીણભાઈ શાહ | ૭૬ | મુંબઈ | ૨૨-૦૭-૨૧ | અષાઢ સુદ ૧૩ |
| વિશા પોરવાળ | અબજી મહેતાનો પાડો | રમેશભાઈ મહાસુખલાલ શાહ | ૭૭ | ગોરેગામ | ૨૨-૦૭-૨૧ | અષાઢ સુદ ૧૩ |
| વિશા પોરવાળ | સોનીવાડો | નરેન્દ્રભાઈ બાપુલાલ શાહ | ૮૦ | દહીંસર | ૨૬-૦૭-૨૧ | અષાઢ વદ ૦૩ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | જ્યોત્સનાબેન નિરંજનભાઈ શાહ | ૭૯ | ગ્રાન્ટરોડ | ૩૦-૦૭-૨૧ | અષાઢ વદ ૦૭ |
| દશા ઓસવાલ | ચોધરીની શેરી | મધુબેન (સ્મીતાબેન) સુરેશભાઈ શાહ | ૮૧ | ચર્નીરોડ | ૩૦-૦૭-૨૧ | અષાઢ વદ ૦૭ |
| સાંડેસરા | શાહનો પાડો | નરેન્દ્રભાઈ મફતલાલ શાહ | ૭૬ | બોરીવલી | ૩૦-૦૭-૨૧ | અષાઢ વદ ૦૭ |
| દશા ઓસવાલ | વખારનો પાડો | નિર્મળાબેન ચંદ્રકાંતભાઈ ચોક્સી | ૮૯ | ચોપાટી | ૦૭-૦૮-૨૧ | અષાઢ વદ ૧૪ |
| વિશા શ્રીમાળી | ભાભાનો પાડો | કૌશિકભાઈ ભગવાનદાસ શાહ | ૬૯ | મલાડ | ૦૮-૦૮-૨૧ | અષાઢ વદ ૩૦ |
| દશા ઓસવાલ | ચોધરીની શેરી | ઈન્દુબેન વિનોદચંદ્ર ચુડઘર | ૮૬ | વિલેપાર્લે | ૦૮-૦૮-૨૧ | શ્રાવણ સુદ ૦૧ |
| વિશા શ્રીમાળી | મનમોહનજીની શેરી | અરૂણાબેન અશોકભાઈ ઝવેરી | ૮૧ | પૂના | ૧૪-૦૮-૨૧ | શ્રાવણ સુદ ૦૬ |
| દશા શ્રીમાળી | મારફતિયા મહેતાનો પાડો | કુંદનબેન બિપીનભાઈ શાહ | ૬૮ | મરીનડ્રાઈવ | ૧૪-૦૮-૨૧ | શ્રાવણ સુદ ૦૬ |
| વિશા પોરવાળ | ઝવેરી વાડો | નીનાબેન કમલેશભાઈ શાહ | ૬૮ | બોરીવલી | ૧૫-૦૮-૨૧ | શ્રાવણ સુદ ૦૭ |
| વિશા શ્રીમાળી | કુંભારિયા પાડો | નવિનભાઈ કાંતિલાલ શાહ (મશરૂવાળા) | ૯૦ | વસઈ | ૩૧-૦૮-૨૧ | શ્રાવણ વદ ૦૯ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | વિરેન્દ્રભાઈ લક્ષ્મીચંદ શાહ | ૬૯ | મરીનડ્રાઈવ | ૦૩-૦૯-૨૧ | શ્રાવણ વદ ૧૧ |
| વિશા શ્રીમાળી | શામળાજીની શેરી | હંસાબેન વિનોદચંદ્ર શાહ | ૭૭ | ગોવાલિયા ટેંક | ૦૮-૦૯-૨૧ | ભાદરવા સુદ ૦૨ |
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | બીપીનભાઈ જયંતિલાલ શાહ | ૮૬ | ભાયંદર | ૦૮-૦૯-૨૧ | ભાદરવા સુદ ૦૨ |

**ખાસ નોંધ :-** માર્ચ-૨૦૨૦થી સપ્ટેમ્બર ૨૦૨૧ના દોઢ વર્ષ દરમ્યાન સમાજના ઘણા પરિવારોએ પોતાના સ્વજન ગુમાવેલ છે, જેનું સંસ્થાને દુઃખ છે. લોકડાઉનના કારણે અને માહિતીના અભાવે અમુક સમય દરમ્યાન અખબારો પ્રકાશિત થઈ શક્યા ન હતા, તેમજ કાર્યાલયમાં કર્મચારીઓની અનુપસ્થિતિના કારણે સંભવતઃ હજુ પણ કેટલાંક નામો અત્રે પ્રસિદ્ધ કરવાના રહી ગયેલ હશે તો જેઓના નામ છપાયેલ નથી તેઓની ઉપર મુજબની સંપૂર્ણ વિગતો મંડળના મોબાઈલ નં. ૮૭૭૯૧૬૧૨૦૯ ઉપર મોકલાવી આપશો, જેથી આગામી અંકમાં પ્રસિદ્ધ કરી શકાય.

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

**સત્કર્મ, સેવા અને પરોપકાર માટે તન, મન અને ધનની જરૂરિયાતો છેજ, પરંતુ ભાવનાનું મહત્વ સૌથી વધુ છે. ભાવના જાગે તો અપંગ માણસ બુદ્ધિ અને નાણાં વડે અને નિર્ધન માણસ શરીર ઘસીને પણ પરોપકાર કર્યે જાય છે. એટલે સેવાની ભાવનાવાળા માણસોજ જગતને માટે આશીર્વાદ સમા બનતા હોય છે.**

**સત્કાર્યો કરીએ, પરંતુ કર્તાપણાથી અળગા રહીએ. વિનમ્રતા રહિત સેવા, સ્વાર્થ અને અહંનું પોષણ કરે છે. પરોપકાર, અભિમાન વધારનાર નહિ, પણ નમ્રતાપૂર્વક પરમાત્માનાં ચરણોમાં પહોંચાડનાર બની રહેવો જોઈએ. કોઈનું યે કામ કરી છૂટીએ તો અહેસાનની ભાવનાથી ન કરીએ; કર્તવ્યના ખ્યાલથી અદા કરીએ.**

## શ્રી પાટણ જૈન મંડળમાં પ્રાપ્ત થયેલ સખાવતોના પરિણામે સાકાર થયેલ ''શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ સમાજઉપયોગી પૂરક સહાય યોજના''

શિક્ષણ અને જીવન નિર્વાહની મર્યાદિત સેવાઓ દ્વારા શરૂ કરાયેલ સંસ્થાની વર્તમાનની સેવાઓ વિશાળ ફલક પર કાર્ય કરી રહી છે. સમાજનાં નાના બાળકથી માંડીને વયસ્કો તેમજ મહિલા વિકાસ, શૈક્ષણિક, સામાજિક, આર્થિક, સ્વાવલંબી પ્રવૃત્તિઓ દ્વારા પોતાનું જીવન ગૌરવભેર જીવી શકે તે માટે વિવિધ ઉપક્રમો હેઠળ આર્થિક સવલતો તેમજ સુવ્યવસ્થિત આયોજનો ગોઠવી સંસ્થાએ સમાજનાં પરિવારોના સામાજિક જીવન વિકાસને વધુ સુગમ બનાવ્યો છે. આવકના સાધનો મર્યાદિત છે, તેવા સમાજનાં કેટલાય કુટુંબો **''ન કહેવાય ન સહેવાય''** તેવી અકળ પરિસ્થિતિમાં અટવાઈ રહ્યો છે, જેના પરિણામે સમય અને સંજોગોના બદલાતા જતાં ક્રમાનુસાર સમાજને સહાયરૂપ થવાની પદ્ધતિઓનું અવલોકન કરી સમાજનાં જરૂરિયાતમંદ કુટુંબોને પણ જે રાહત અપાતી હતી, તેમાં જરૂરી વધારો કરી અણધારી આવેલ મુસીબતોમાં સંસ્થા વધુ સહાયક થઈ શકે તે માટે કાર્યકરો સક્રિય રહેલ છે.

સંસ્થાના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ ના ૭૫ વર્ષની પૂર્ણાહુતિ તથા લગ્ન જીવનની ૫૦મી સુવર્ણ જયંતિ અવસરે રૂા. ૨૫ લાખની સખાવત તથા સંસ્થાની શતાબ્દી ઉજવણી પ્રસંગે રૂા. સવા કરોડની માતબર સખાવત મળી કુલ રૂા. દોઢ કરોડની સખાવત પ્રાપ્ત થતાં **''શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ પરિવાર શતાબ્દી સમાજોપયોગી પુરક સહાય યોજના''** સાકાર થયેલ છે.

આ યોજના અંતર્ગત દર વર્ષે શિક્ષણ સહાય, મેડિકલ સહાય, આર્થિક સહાય, વૃદ્ધજન સહાય, મહિલા ઉત્કર્ષ સહાય, વિધવા સહાય તથા વિકલાંગ ઉત્કર્ષ સહાય જેવી વિવિધ સહાયક પ્રવૃત્તિઓમાં શક્યત: પ્રાપ્ત થતી સહાય અંગેની અરજીઓના અરજદારને વધુમાં વધુ પુરક રકમની સહાય આપવામાં આવશે.

**પ્રાથમિક શિક્ષણ સહાય ફંડ :-**

શ્રી પાટણ જૈન મંડળની સ્થાપનાથી તેનો મુખ્ય ઉદ્દેશ શિક્ષણ ક્ષેત્રે સહાયક થવાનો રહેલ છે, તેના અનુસંધાનમાં વર્તમાનમાં સંસ્થા દ્વારા વિવિધ દાતાઓના પ્રાપ્ત થયેલ દાનના પરિણામે ધો. ૧ થી પોસ્ટ ગ્રેજ્યુએશન પર્યંત અભ્યાસક્રમમાં જોડાયેલ વિદ્યાર્થીઓને તેમના શૈક્ષણિક ખર્ચમાં આર્થિક સહાય આપવામાં આવે છે.

દિન પ્રતિદિન વધતા જતાં શૈક્ષણિક ખર્ચના પરિણામે વિદ્યાર્થીઓની પુરેપુરી જરૂરિયાત સતોષવા સંસ્થા અસમર્થ છે, તેવા સમયે કુંભારીયા પાડાના શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ દ્વારા મૌલિક-દિવ્યબાળા નવીનચંદ્ર શાહનું નામ સંસ્થા માથે કાયમી જોડાય તેવા શુભા આશયથી સને ૨૦૧૯-૨૦માં રૂા. ૨૫ લાખની સખાવત સમર્પિત કરતા ધો. ૧ થી ૪ પ્રાથમિક શિક્ષણ સહાય યોજના સાકાર થવા પામેલ છે.

આ યોજના અંતર્ગત ધો. ૧ થી ૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થિઓને તેમના શિક્ષણ ખર્ચમાં સહાય આપવામાં આવશે, જેનો જરૂરિયાતવાળા પરિવારોએ લાભ લેવા વિનંતી છે.

સાથોસાથ પ્રાથમિક વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ સહાયની વધુમાં વધુ માંગણી સંતોષી શકાય તેવા શુભ આશયથી સને ૨૦૨૦-૨૧ના વર્ષના રૂા. ૨૫ લાખની સખાવત સમર્પિત થતાં પ્રી પ્રાયમરી એજ્યુકેશન ફંડ ખાતે બીજા ક્રમાંકે **''શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ શાહ પ્રી પ્રાયમરી એજ્યુકેશન ફંડ''નું** નામ જોડવામાં આવેલ છે.

**વિધવા સહાય ફંડ :-**

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજ ઉત્કર્ષની અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા જરૂરિયાતવાળા પરિવરોને આર્થિક સહાય, વૃદ્ધજન સહાય, મહિલા ઉત્કર્ષ, દિવ્યાંગ ઉત્કર્ષ, મકાન ભાડા સહાયમાં સહાયક થવામાં આવે છે.

દિન પ્રતિદિન વધતી જતી મોંઘવારીના પરિણામે સમાજના કેટલાંક પરિવારોને સુચારુપણે જીવન નિર્વાહ માટે અનેક આર્થિક

**અનુસંધાન પાના નં. ૯ ઉપર**



Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● September 2021 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ ઉદ્‌ઘાટન, મરીન ડ્રાઈવ






મંડળની પ્રવૃત્તિઓ ઉપરાંત મહોલ્લાની મીટીંગો, સમાજના નાના-મોટા પ્રસંગો, પ્રાર્થના સભા, સેમીનાર વિગેરે સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને સાર્વજનિક પ્રવૃત્તિઓ માટે મરીન ડ્રાઈવ ખાતેનો સભાગૃહનો વપરાશ થઈ રહેલ છે.

આ વિસ્તારમાં સમાજનો વિશાળ સમુદાય વસવાટ કરતો હોઈ, ચાતુર્માસ દરમ્યાન આત્માના શ્રેયાર્થે તપ, આરાધના, જ્ઞાનભકિત કરવા સાથે મુનિમહારાજોના સાંનિધ્યમાં તેમની પુનીત વાણીનો લાભ પણ મળી રહે છે.

જૈન તથા જૈનેતર સમાજ દ્વારા આ સભાગૃહનો વપરાશ વધુ પ્રમાણમાં લેવાય તેવા આશયથી સુવિધાઓ સહ અદ્યતન બનાવવાનું કાર્ય આરંભાયેલ, જે ઓગસ્ટના અંતિમ સપ્તાહમાં પુર્ણ થતાં, સંપૂર્ણ હવા-ઉજાસવાળી **ફુલ સાઈઝ બારીઓ, ગ્રેનાઈટ ફ્લોરીંગ, મોર્ડન સાઉન્ડ સિસ્ટમ, સ્ક્રીન પ્રોજેક્ટર** સહિતનો સુવિધાયુક્ત કોન્ફરંન્સ, મિટિંગો તથા શુભ પ્રસંગો માટે સંપૂર્ણ વાતાનુકુલીત સભાગૃહ બુધવાર, તા. ૦૧-૦૯-૨૦૨૧ના સપરમાં દિવસે સંસ્થાના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા મંડળની વ્યવસ્થાપક સમિતિના સભાસદોની ઉપસ્થિતિમાં મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તથા ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહના વરદ હસ્તે ખુલ્લો મુકવામાં આવેલ છે.

## મરીન ડ્રાઈવ સભાગૃહના નામાભિધાન માટે દાતાઓને વિજ્ઞપ્તિ

મુંબઈના સમૃદ્ધ અને વૈભવશાળી વિસ્તાર એવા મરીનડ્રાઈવ સ્થિત, લગભગ ૧૩૦૦ સ્કે.ફુટ એરિયા, સંપૂર્ણ હવા ઉજાસ વાળી ફુલ સાઈઝ બારીઓ, ગ્રે નાઈટ ફ્લોરીંગ, મોર્ડન સાઉન્ડ સિસ્ટમ, પોર્ટેબલ સ્ક્રીન પ્રોજેક્ટરની મોર્ડન સુવિધાયુક્ત સંપૂર્ણ વાતાનુકુલીન શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ સાથે, **રૂપિયા એક કરોડ કે તેથી વધુ રકમનું દાન આપનાર દાતાશ્રીનું નામ આપવા અંગે મંડળની વ્યવસ્થાપક સમિતિએ નક્કી કરેલ છે. વહેલો તે પહેલો ના ધોરણે દાતાશ્રીનું નામ સ્વીકારાશે.**

આ રકમ સમાજ વિકાસ ફંડમાં દાતાના નામે કાયમી રખાશે. જેના વ્યાજનો ઉપયોગ સંસ્થાની વિવિધ સહાયક પ્રવૃત્તિઓમાં વધુ રકમ ફાળવવામાં આવશે.

**સંપર્ક : પ્રમુખ, શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ – મો. ૯૩૨૨૨૨૫૦૭૨**

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,